Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ડિસેમ્બર ૨૦૨૩ * વર્ષ ૩૮ * અંક ૯




**જીવનમાં સત્સંગના ચાર પાયા :**

નિશ્ચય | આશરો | માહાત્મ્ય | સેવા

## હે સાહેબજી !

**સૌનાં જીવનમાં સત્સંગના આ ચાર પાયા**
**સુદૃઢ બને તેવી આશિષ દેશોજી !**





સ્વામિશ્રીજી
"સ્વામિનારાયણ મહામંત્રનું
લેખન એ જ સાચું ગુરુપૂજન !"

સ્વામિશ્રીજી

# "જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે..."

૩૧ ડિસેમ્બર ૨૦૨૩ – 'સ્વામિનારાયણ' મહામંત્રના સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા ઉદ્‌ઘોષને ૨૨૨ વર્ષ થશે.

પરમ ગુરુદેવ શ્રી રામાનંદ સ્વામીજીના સ્વધામગમનને હજુ માંડ દસ દિવસો જ થયા હતા. સંતો, ભક્તો સહિત સમગ્ર સત્સંગ શોકમગ્ન હતો. તે અરસામાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ પ્રભુ ગામ ફણેણી પધાર્યા છે. વિક્રમ સંવત ૧૮૫૮ના માગશર માસના એકાદશીનો એ મંગલ દિવસ હતો. તારીખ હતી ૩૧ ડિસેમ્બર, ૧૮૦૧.

આ દિવસે અતિ કૃપા કરી મહાપ્રભુજી શ્રી સહજાનંદ સ્વામી મહારાજે ઉપસ્થિત સૌ સંતો, ભક્તોની સભામાં એક મહાપવિત્ર, અત્યંત શક્તિસંપન્ન, દિવ્ય મહામંત્રના ઉદ્‌ઘોષ કર્યા : **સ્વા મિ ના રા ય ણ !** ષડાક્ષરી – છ અક્ષરનો આ દિવ્ય મહામંત્ર તે શુભ દિવસથી સંપ્રદાયનો મહામંત્ર છે ! પ્રત્યેક સાધુ-સત્સંગીના હૃદયધબકારે નિત્ય ગૂંજે છે.

સંપ્રદાયના ગ્રંથોમાં આલેખિત કથા અનુસાર ફણેણીની એ ઐતિહાસિક દિવ્ય મહામંત્ર ઉદ્‌ઘોષ સભામાં શ્રી શીતલદાસ નામના એક સત્સંગી પણ આવ્યા હતા. પરમ ગુરુદેવ શ્રી રામાનંદ સ્વામીના સ્વધામગમનથી અત્યંત વ્યથિત આ સત્સંગીએ શ્રીહરિના શ્રીમુખે ઉદ્‌ઘોષિત 'સ્વામિનારાયણ' મહામંત્રના બ્રહ્મનાદ સાંભળ્યા અને જેવા તેના પ્રતિઘોષ રૂપે 'ૐ સ્વામિનારાયણ' મહામંત્રના શુદ્ધ ઉચ્ચાર કર્યા ત્યાં તો મન શાંત થઈ ગયું, સઘળી વ્યથા અને પીડા શમી ગઈ, પરમ આનંદની અનુભૂતિ સાથે જાણે શ્રી શીતલદાસને સમાધિ અવસ્થાનાં સુખ – પરમ આનંદ પ્રાપ્ત થયાં !

તે ઘટના પછીના અનેક દશકો દરમિયાન અગણિત સાધુઓ, સત્સંગીઓ અને મુમુક્ષુઓના આવા જ અનુભવ રહ્યા છે.

ગોંડલ અક્ષરદેરીના શ્રી ચરણે ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે 'સ્વામિનારાયણ' મહામંત્રનાં જાપ-ધૂન કર્યાં અને સૌ સંતો-સત્સંગીઓએ કર્યાં તો ગુરુદેવ યોગીજી મહારાજની આંગળીએ કરડેલા નાગનું ઝેર ઊતરી ગયું તે પ્રસંગ તો હજુ તાજેતરના જ ઇતિહાસનો છે. અને તે પછી ૧૯૫૨ની ત્રીજી ફેબ્રુઆરીએ એ જ ગોંડલ મહાતીર્થમાં ગુરુદેવ યોગીજી મહારાજના સંકલ્પ, પ્રાર્થનાથી 'સ્વામિનારાયણ' મહામંત્રનાં રટણ-જાપ કરતાં પરમ પૂજ્ય કાકાશ્રીને – ગુરુદેવ યોગીજી મહારાજના શબ્દોમાં કહીએ તો શ્રી ઘનશ્યામ 'મહારાજની મૂર્તિ સાથે લક્ષ્ય થઈ ગયો...', સમાધિ અવસ્થાની અનુપમ અનુભૂતિ થઈ.

સ્વયં સંતભગવંત સાહેબજીએ પણ પોતાના હૃદયની વાત પ્રગટ કરતાં કહ્યું છે, "સ્વામિનારાયણ મહામંત્રનું લેખન – એ જ સાચું ગુરુપૂજન !" વળી, સંતભગવંત સાહેબજીએ આ મહામંત્ર જાપ-ધૂનની શક્તિને અનેકગણી વધારવાનો સરળ ઉપાય પણ નિર્દેશિત કર્યો : નામીની સ્મૃતિ સહિત નામનું રટણ ! એટલે કે આપણને પ્રાપ્ત ભગવાનના તત્ત્વના ધારક, પ્રગટ ભગવાનના સ્વરૂપની, આપણા ગુરુહરિની સ્મૃતિ સહિત સ્વામિનારાયણ મહામંત્રનાં ધૂન-જાપ અત્યંત શક્તિશાળી થાય છે !

આવો, ગુરુહરિ સાહેબદાદાની સ્મૃતિ કરતાં કરતાં મહામંત્રના જાપ કરીએ...

ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...!

~સા.મ...

~ સાધુ મનોજદાસ



### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૨૩માં સંતભગવંત સાહેબદાદા સંગે પ્રશ્નોત્તરી**
**૨૫ મે ૨૦૨૩, પ્રજ્ઞાનતીર્થ, મોગરી**

*(ગયા અંકથી ચાલુ... આ અંકે પૂર્ણ.)*

***શિબિરાર્થી :*** *'સાહેબદાદા ! દરેક પ્રસંગમાં ભગવાન જ કર્તાહર્તા છે, એ માનવાની માસ્ટર કી શી છે ? પ્રભુ રાજી ના થાય તેવું ઘણી વખત અમારાથી વર્તાય છે. ત્યારે અમે અમારા બચાવમાં એવું કહીએ છીએ કે, જો ભગવાન કર્તાહર્તા છે તો આ પણ એમણે જ કરાવ્યું છે. શું આ યોગ્ય છે ?'*

***સંતભગવંત સાહેબદાદા :*** ભગવાનને કર્તાહર્તા માનવા. જે કંઈ થયું છે, જે કંઈ થઈ રહ્યું છે અને જે કંઈ થશે એના કર્તાહર્તા મારા ભગવાન છે એ માનવાની માસ્ટર કી કઈ ? એ પ્રશ્ન છે તમારો.

જુઓ, તમને મારી વાત કરું. ઈન્ટર સાયન્સમાં મારાં બે વર્ષ બગડ્યાં. બે વર્ષ પરીક્ષા જ ના આપી શકાઈ. સૅકન્ડ ટર્મમાં પરીક્ષા વખતે હું પડી ગયો ને પગે ફ્રૅક્ચર થયું. પગમાં નીચેથી ઘૂંટણની ઉપર સુધીનું પ્લાસ્ટર કર્યું હતું એટલે બે મહિના ચલાય નહીં તેથી મારું બીજું વર્ષ પણ બગડ્યું. બધાને એમ કે, આ હવે ભણવાનું છોડી દેશે. ત્યારે હું કહેતો કે, 'મારા જીવનમાં જે કંઈ પણ થાય છે તે ભગવાન કરે છે. કારણ કે, હું ભગવાનનો આશ્રિત છું. મારા ગુરુ યોગીજી મહારાજ છે. તેઓ મારા માટે જે કરશે એ સારું જ હશે. તમે ભલે ડૉક્ટર, ઍન્જિનિયર, ફાર્માસિસ્ટ કે ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ થાવ, પણ મને મારા ભગવાન ને ગુરુ મળ્યા છે એટલે તમારા કરતાં તો સુખીમાં સુખી થવાનો છું, લખી રાખો !' વળી, ઘણા મને કહે કે, 'તું આટલી ભક્તિ કરે છે, આટલું ભજન કરે છે અને તારાં બે વર્ષ બગડ્યાં એટલે તું કૉલેજ છોડી દઈશ.' હું એમને કહું કે, 'ભલે બે વર્ષ બગડ્યાં. પણ, મારા ગુરુ જ્યાં સુધી નહીં કહે ત્યાં સુધી ભણવાનું ચાલુ રાખીશ અને ભણીશ.' તેઓ મારા સારા માટે કરી રહ્યા છે તેવું માન્યું, તો ભલે બે વર્ષ પરીક્ષા ના આપી શક્યો, પણ મારાથી અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ બે વર્ષ પાછળ હતા, તેઓ મારી જોડે થઈ ગયા અને અમારી ટોળકીની જમાવટ થઈ ગઈ; અને એમાંથી 'અનુપમ મિશન' થયું. જોયું, આ ભગવાને કર્યું ! તમે વિચાર કરો ! એમના કરતાં હું બે વર્ષ સિનિયર હતો. હું બી.એસસી. થઈને સીધો અમેરિકા જતો રહ્યો હોત તો ત્યાં હૉટેલ, મૉટેલના ધંધામાં હોત, ટલ્લા મારતો હોત. અને 'ઊભો રહે, આ લોકોની રાહ જો', એવું કહ્યું હોત તો પણ હું ઊભો ના રહેત. પણ ભગવાન કર્તાહર્તા છે. એમણે મને પાડ્યો ને બેઉ પગે ફ્રૅક્ચર થયું. બધા કહે, 'તને આવું થયું ?' મેં કહ્યું, 'મને ફ્રૅક્ચર થયું છે તેનું જરાય દુઃખ નથી.' આ બહુ નિષ્કપટભાવે કહું છું.

ત્યારે બાપા સોખડા મને ત્રણ વખત દર્શન આપવા આવેલા. સોખડા આવીને મને આજ્ઞા કરી કે, 'ભગતજી મહારાજનું જીવનચરિત્ર વાંચજે.' અમે આખું યુવકમંડળ રોજ સત્સંગ કરીએ, વાંચીએ – એનાથી આટલો બધો સત્સંગ થયો અને આ ભાઈઓ ભેગા થઈ ગયા તો એમાંથી આખું 'અનુપમ મિશન' થયું. બે વર્ષ બગડ્યાં પણ એમાં આ 'અનુપમ મિશન' થયું ! બોલો ફાયદો થયો કે ના થયો ? આ કર્તાહર્તા છે ભગવાન ! આપણને એમ થાય કે, નપાસ થયા એટલે વર્ષ નકામું ગયું. ના, કશું નકામું નથી ગયું. ભગવાન આપણું સારું જ કરશે. ફક્ત ભગવાનનો આશરો હોવો જોઈએ અને ગુરુને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોવી જોઈએ.

બીજું એક દૃષ્ટાંત આપું. યોગીજી મહારાજ કહેતા એમ, 'હું ભગવાનનો ને ભગવાન મારા !' આવો જડબેસલાક દૃઢ આશરો, 'મારા માટે જે કંઈ થયું છે, થાય છે અને થશે એનો કરનારો મારો ભગવાન છે' એવી દૃઢ નિષ્ઠા અને 'એ ભગવાન, મારા ગુરુ દ્વારા પ્રગટ છે, એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ'; એ અક્ષરપુરુષોત્તમ ઉપાસના !

બાપા એક દૃષ્ટાંત આપતા. એક આંધળો હતો અને એક લંગડો હતો. લંગડાથી ચલાય નહીં, આંધળાને દેખાય નહીં, એટલે બે જણાયે સૂંઢલ કરી જોડી બનાવી. પેલો લંગડો એ દેખતો હતો, તે પેલા આંધળાના ખભે બેસી જાય. પછી એ લંગડો તે આંધળાને દોરે કે, ડાબી બાજુ ચાલ, જમણી બાજુ ચાલ, ઊભો રહે. અને ભીખ માંગીને તેઓ ગુજરાન ચલાવે. આંધળાને થોડું શાસ્ત્રોનું જ્ઞાન હતું. આંધળો કહે, 'લંગડા, આપણે આમ ભીખ માંગીએ છીએ તેના બદલે કોઈ જગ્યાએ ધાપ મારીએ તો આપણે પૈસાદાર થઈએ. હું શાસ્ત્રોનો જાણકાર છું. મેં એવું સાંભળ્યું છે કે, ગાડાના સગરમાંથી (લાકડાના કાણામાંથી) દેવચકલી ત્રણ વખત અવરજવર કરે એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ શુકન હોય. એ શુકનમાં કોઈ પણ કામ કરીએ તો પાર પડે. દેવચકલી આવે ને આવું થાય તો તેનું તું ધ્યાન રાખજે.'

પંદર-વીસ દિવસ પછી પેલા લંગડાએ જોયું કે, કોઈ દેવચકલીએ પેલા કાણામાં ત્રણ વખત અવરજવર કરી. આંધળો કહે, 'સરસ ! ચાલ હવે સોનીને ત્યાં જ ધાપ મારીએ.' એટલે તેઓ ઝવેરી બજારમાં ગયા. એક ઝવેરીની દુકાનમાં લગન માટે સોનાનાં ઘરેણાં જોવા માટે એક કપલ આવ્યું હશે. ઝવેરી જે સૅમ્પલ બતાવે તે બધાં ટેબલ ઉપર મૂકે. ત્યાં પેલા કપલને કંઈક યાદ આવ્યું તે કહે, 'અમારે સોનું તો લેવું છે, પણ પંદર મિનિટમાં પાછાં આવીએ છીએ.' એમ કહીને તેઓ નીકળી ગયાં અને સોનીને કંઈક અંદર કામ પડ્યું તેથી એ દુકાનની અંદર ગયો. એટલે લંગડાએ તો કૂદકો મારીને એક જ મિનિટમાં બધું સોનું કોથળીમાં ભરી, આંધળાના ખભે ચઢી ચાલવા માંડ્યું. થોડીવાર પછી પેલો માલિક અને પેલું કપલ પાછાં આવ્યાં ત્યારે સોનું ગાયબ થઈ ગયું હતું એટલે તરત પૉલીસ બોલાવી.

આંધળા અને લંગડાની જોડી તો શહેરની બહાર નીકળી ચાલવા માંડી હતી. ચોરને શોધવા પછી ઘોડેસવાર પૉલીસ નીકળી. આ લોકો આગળ ખેતરમાં નળી હતી તેમાં ચાલ્યા જતા હતા. પાછળ બે ઘોડેસવાર પોલીસ આવી. લંગડો કહે, 'આંધળા, પાછળ બે બંદૂકધારી પૉલીસ છે. આપણે પકડાઈ જઈશું ને હવે આપણે જેલમાં જવું પડશે.' ત્યારે આંધળો કહે, 'લંગડા, તેં દેવચકલી ફરકતી જોઈ હતી ને ?' પેલો કહે, 'હા જોઈ હતી.' આંધળો કહે, 'તો જલસા કર, આપણને કંઈ થવાનું નથી.' તેઓ તો ચાલ્યે જતા હતા. પેલા બે પૉલીસ ઘોડેસવાર કહે, 'ઊભા રહો.' પણ, આંધળો ઊભો ના રહ્યો એટલે બેઉ ઘોડેસવાર તેમની આગળ-પાછળ સામસામે આવ્યા ને રાઈફલથી બે શૂટ કર્યા. ત્યારે આંધળો નીચે બેસી ગયો અને બેઉ પૉલીસવાળા સામસામે ગોળીઓ વાગવાથી મરી ગયા. એમનો ઘોડો લઈને આ લોકો દોડવા માંડ્યા.

વીસ-પચ્ચીસ કિલોમીટર ગયા પછી તેમને થાક લાગ્યો હતો, ભૂખ ને તરસ લાગી હતી તેથી એક ખેતરના કૂવા પાસે ઊભા રહ્યા. કૂવાના થાળે લંગડો બેઠો ને કહે, 'હું પાણી કાઢીને રસોઈ બનાવું પછી ખાઈએ.' પણ લંગડાને થયું કે, આટલું બધું સોનું છે એમાંથી આંધળાને અડધે ભાગે આપી દેવાનું ? એટલે તે એક મરેલો સાપ પડેલો એ લઈ આવ્યો અને વિચાર્યું કે, આ સાપ તપેલીમાં નાખી, પાણીમાં ગરમ કરી, એ પાણી આંધળાને પિવડાવી દઉં એટલે તે મરી જાય ને મને બધું સોનું મળી જાય. પેલા આંધળાને કશું દેખાતું નહોતું એટલે ફાંફાં મારતો હતો, એમાં પેલી તપેલીનું ઢાંકણું ખૂલી ગયું ને નીચે પડ્યું ને એમાંથી ધુમાડો નીકળ્યો. આંધળો જન્મથી આંધળો નહોતો, કંઈક એવું થયું હતું તેથી આંધળો થઈ ગયો હતો. જેવી પેલી ઝેરી વરાળ એની આંખોમાં ગઈ તેવો તે બધું જોતો થઈ ગયો. એણે જોયું કે, તપેલીમાં સાપ છે. આ લંગડો મને મારી નાખવાનો હતો ? કૂવાના થાળા ઉપર લંગડો બેઠો હતો. આંધળાને થયું કે, આને ધક્કો મારીને કૂવામાં નાખી દઉં એટલે એ મરી જાય તો મારી પાસે બધું સોનું આવે. એટલે એણે લંગડાને પાછળથી લાત મારી. તે લાતથી પેલાનો કમરનો મણકો સીધો થઈ ગયો ને તે લંગડો ચાલતો-દોડતો થઈ ગયો. એ બેઉ જણા તો ખુશ થઈ ગયા કે, શુકન સારાં થયાં તે આપણું કામ પાર પડી ગયું ને સુખિયા થઈ ગયા. એમ, બાપા કહે, ભગવાનની નિષ્ઠા છે, ભગવાનને સર્વોપરી માનીએ છીએ, ગુરુને વિશે હેત છે તો કોઈની માથાકૂટ નહીં કરીએ એ દેવચકલી ફરકી કહેવાય – તો કરો કંકુના, સારું જ થવાનું છે, એવું માનવાનું; આ યાદ રાખો ! એટલે બધું

'હું ભગવાનનો ને ભગવાન મારા !' આવો જડબેસલાક દૃઢ આશરો,
'મારા માટે જે કંઈ થયું છે, થાય છે અને થશે
એનો કરનારો મારો ભગવાન છે' એવી દૃઢ નિષ્ઠા
અને 'એ ભગવાન, મારા ગુરુ દ્વારા પ્રગટ છે,
એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ';
એ અક્ષરપુરુષોત્તમ ઉપાસના !





> ભગવાનની નિષ્ઠા હોય, સત્પુરુષનું બળ હોય,
> ભજન-પ્રાર્થના કરતા હોય,
> કોઈની આઘીપાછી-માથાકૂટ ના કરતા હોય તો
> કોઈ કાર્યમાં નિષ્ફળ જઈશું એની પાછળ
> ભગવાન આપણી સફળતાનો પાયો નાખતા હશે,

યોગ્ય જ છે, કશી તકલીફ નથી. આપણા જીવનમાં ભગવાનને કર્તાહર્તા માનીએ, કોઈનો અભાવ ના લઈએ, ભગવાનને વિશે નિષ્ઠા રાખી ભજન કરીશું તો કશું બગડશે નહીં, ચિંતા ના કરતા.

***શિબિરાર્થી :*** *'સંતોની આજ્ઞામાં રહીને ધૂન, ભજન, ભક્તિનું બળ લઈને આપણે કોઈ કાર્ય કરીએ છીએ છતાં પણ જ્યારે એ કાર્યમાં નિષ્ફળ થઈએ તેવું કેમ ? અને ત્યારે શું કરવું જોઈએ ?'*

***સંતભગવંત સાહેબદાદા :*** તે નિષ્ફળતા નથી, પણ આપણે ધારેલું પરિણામ આવતું નથી એને આપણે નિષ્ફળતા કહીએ છીએ. ખ્યાલ આવ્યો ? પરીક્ષામાં બેઠા એટલે સફળ થયા કોને કહીએ ? પાસ થયા તો સફળ થયા, નપાસ થયા તો નિષ્ફળ થયા. મારાં બે વરસ બગડ્યાં એટલે નિષ્ફળ થયા. પણ બાપાની આજ્ઞામાં ભજન, પ્રાર્થના કરતા થયા તો, પરિણામે આપણે સફળ થયા કે ના થયા ? એટલે છેલ્લે જે પરિણામ આવે એ શ્રેષ્ઠ આવશે. ભગવાનની નિષ્ઠા હોય, સત્પુરુષનું બળ હોય, ભજન-પ્રાર્થના કરતા હોય, કોઈની આઘીપાછી-માથાકૂટ ના કરતા હોય તો કોઈ કાર્યમાં નિષ્ફળ જઈશું એની પાછળ ભગવાન આપણી સફળતાનો પાયો નાખતા હશે, યાદ રાખો !

આપણે સફળ થઈએ, પાસ થઈએ, પૈસા કમાઈએ તો આપણને થાય કે, 'હમને કર દિયા !' પાસ થયેલા છોકરાને તમે પૂછો તો કહેશે, 'બાર-બાર, અઢાર-અઢાર કલાક વાંચતો હતો, આ ક્લાસ-પેલા ક્લાસ કર્યા, સિનેમા નહોતો જોતો, લગનમાં નહોતો જતો, આવું બધું કર્યું ત્યારે આ નંબર આવ્યો.' પણ પરીક્ષાના દિવસે જો બીમાર પડ્યા હોત તો શું થાત ? પરીક્ષાના દિવસે ડાયેરિયા થઈ ગયા હોત તો શું થાત ? માટે એમ કહેવું જોઈએ કે, ભગવાનની કૃપાથી મહેનત ને બધું કર્યું ને ભગવાનની કૃપાથી પાસ થયો. ભગવાનને ભૂલી જાવ છો એટલે પછી નિષ્ફળતાનો આપણે અનુભવ કરવો પડે છે.

આપણા જીવનમાં ભગવાન જ કર્તાહર્તા છે, ભગવાન જ સફળતા અપાવે છે, ભગવાન જ આપણને આગળ રાખે છે. કોઈ ગમે એટલા ફડાકા મારતા હોય, પણ બહાર નીકળે ને પડી જાવ તો તમે શું કરો ? તમે પરીક્ષા કેવી રીતે આપી શકો ? ઘણા માણસો પરીક્ષાના દિવસે બીમાર પડી જાય છે. તો ભજન-ભક્તિનું બળ લઈને કરીએ છીએ છતાં પણ નિષ્ફળ થઈએ ત્યારે તે નિષ્ફળતા નથી, યાદ રાખો ! જે ભગવાનનો ભક્ત છે એને કોઈ દિવસ નિષ્ફળતા મળશે નહીં. નિષ્ફળતા મળે છે એ એને ભગવાન પાસે જવા માટેનો ફૉર્સ-ધક્કો છે.

તમને છોકરાઓને કહ્યું હોય કે, 'તમે દોડો.' તો તમે દોડશો ને દોડતા હોવ એવા દેખાશો, પણ ફુલેસ્ટ કૅપેસિટીથી તમે નહીં દોડો. પણ જો પાછળ કોઈ હડકાયું કૂતરું પડી જાય તો ? રમરમાટ દોડો, ફુલેસ્ટ કૅપેસિટીથી દોડો; એને દોડ્યું કહેવાય. એમ આપણને કહ્યું હોય કે, 'ભજન કરો.' તો ભજન ના કરીએ, પણ ભગવાનને થાય કે, આ ભગત પાસે ભજન વધારે કરાવવું છે તો પરીક્ષામાં નપાસ થાય, મુશ્કેલી આવે - જેને આપણે નિષ્ફળતા કહીએ છીએ. એટલે પછી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરવા મંડી પડીએ. કોઈ પણ કાર્ય કરીએ એમાં નિષ્ફળતા એટલે લાગે છે, પણ નિષ્ફળ નથી હોતા. ભગવાન એમની નજીક લઈ જવા માટે એવું કરે છે, યાદ રાખો !

યોગીજી મહારાજ કેરીની સિઝનમાં કેરીનો રસ કઢાવડાવતા. રસ કાઢ્યા પછી ગોટલા અને છોતરાં બાકી રહે. પછી કહે, 'એ છોતરાં ને ગોટલાને પાણીમાં બરાબર ઉકાળી એનો ફજેતો કરો.' પછી એ પાણીને ગાળી, છોડાં ને ગોટલા એમાંથી લઈ લે. પછી એ છોડાંને બાફી, ઢોરાંનું ગોતું-ઢોરાંને ખવડાવવાનો ખોરાક કરે, ફેંકી ના દે. અને જે ગોટલા વધ્યા, એને બાફી, એમાંથી ગોટલી કાઢે. ગોટલીને શેકી એનો મુખવાસ બનાવે. ગોટલી કાઢ્યા પછી ગોટલાનાં છોતરાં વધ્યાં હોય એને ભેગાં કરીને બાંધીને એનો વાસણ અજવાળવાનો કૂચો બનાવે. કોઈ પણ વસ્તુ નકામી ના જવા દે, તમે વિચાર કરો ! હવે એવા ગુરુ આપણા જીવનમાં મળ્યા છે જે ગોટલા જેવી જડ વસ્તુનો પણ શ્રેષ્ઠ ઉપયોગ કરે, તો આપણે તો ચેતન છીએ. તો આપણો શ્રેષ્ઠ ઉપયોગ કરશે અને આપણી

નિષ્ફળતાને પણ આપણી સફળતાનો પાયો બનાવી આપશે, એટલે ચિંતા નહીં કરતા. નિષ્ફળતા-સફળતા જોયા વગર ગુરુની આજ્ઞા પકડી રાખજો ને ભજનને પકડી રાખજો.


આપણે વ્યાપાર કરતા હોઈએ તો આપણી સફળતાનો આધાર શો ? આપણને પૈસા મળે એટલે આપણને થાય કે, સફળ થયા. આપણે પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ પાસ થઈએ એટલે થાય કે સફળ થયા, અને નપાસ થયા એટલે થાય કે નિષ્ફળ થયા. આપણી બારાખડી આ છે. પણ તમે જુઓ અહીંયાં તમારી પાસે જે રૂપિયા છે - ૧૦૦ની નોટ છે, ૨૦૦૦ની નોટ છે, તે તમે અમેરિકા જાવ તો ચાલે ? ત્યાં ડૉલર વપરાય છે. અમેરિકામાં ૨૦૦૦ની તમે ૫૦ નોટો આપો તો કહેશે, આ કાગળિયાં કેમ આપ્યાં ? ત્યાં ડૉલર જોઈએ. ત્યાં આ નાણું ના ચાલે. એમ, સફળતા, નિષ્ફળતા અક્ષરધામમાં જુદી છે. એ શું છે ? તો ભગવાનની નજીક લઈ જાય એ સફળતા ને ભગવાનથી દૂર લઈ જાય એ નિષ્ફળતા, યાદ રાખો !

ગોપાળાનંદ સ્વામીના વખતમાં એક સેવક હતા. વડોદરા મંદિર છે, ત્યાં વાડી છે ત્યાં ગોપાળાનંદ સ્વામી બિરાજતા. એ સેવક આવીને દંડવત્ કરે. મંદિર વાળી-ઝૂડીને સાફ કરે, વાસણ અજવાળે, ગોપાળાનંદ સ્વામી સૂઈ જાય તો પગચંપી કરે. બહુ સેવા કરે. તો બે-ચાર સંતો-ભક્તોએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, 'આ સેવક બિચારો આટલી બધી સેવા કરે છે, આટલું બધું કામ કરે છે પણ એને પૈસાની તકલીફ બહુ છે, ખાધેપીધે એને બહુ તકલીફ છે તો તમે એને આશીર્વાદ આપો તો તે બે પાંદડે થાય.' એટલે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું કે, 'તને શું આવડે છે ?' ત્યારે કહે, 'હું સુથાર છું.' તુલસીના લાકડામાંથી માળા-કંઠી બનાવાય તેથી સ્વામી કહે, 'તું માળા ને કંઠી બનાવ.' એટલે એણે એ કામ શરૂ કર્યું. ગોપાળાનંદ સ્વામીએ એટલો બધો ચમત્કાર બતાવ્યો કે, વડોદરાની આજુબાજુનાં ગામોમાં સત્સંગનો જબરો પ્રસાર થયો, એટલે કંઠીઓ, માળાઓ બહુ વેચાવાં માંડ્યાં. એટલે એની પાસે બહુ પૈસો ભેગો થયો. એ માણસ પાસે પૈસો ભેગો થયો, તેમાંથી બીજા ધંધા પણ કરતો થયો એટલે ગામમાં એની બોલબાલા થવા માંડી. બોલબાલા થવા માંડી એટલે પછી સયાજીરાવ ગાયકવાડના દરબારમાં પણ એની ગાદી મુકાવા માંડી, માન-સન્માન મળવા માંડ્યું. રોજ પહેલાં મંદિરે આવતો હતો, પણ પૈસા મળ્યા, માન-મોટપ મળ્યાં, રાજાને ત્યાં ગાદી મળી એટલે મંદિરે આવતો બંધ થયો. ગોપાળાનંદ સ્વામીએ એક દિવસ કોઈને પૂછ્યું કે, 'પેલો નાથિયો કેમ આવતો નથી ?' ત્યારે કહ્યું, 'સ્વામી, હમણાં તો તેને બહુ કામ હોય છે.' તો સ્વામી કહે, 'એને કહેજે કે, ગોપાળાનંદ સ્વામી યાદ કરતા હતા.' હવે એને બધા નાથાલાલ શેઠ કહેતા હતા. કોઈએ જઈને એમને કહ્યું કે, 'ગોપાળાનંદ સ્વામી તમને યાદ કરતા હતા.' ત્યારે કહે, 'કેમ, શું કહેતા હતા ?' ત્યારે કહે, 'નાથિયો કેમ દેખાતો નથી ?' એટલે એ કહે, 'ગોપાળાનંદ સ્વામીએ મને નાથિયો કહ્યો ? ગોપાળાનંદ સ્વામીને બોલવાનો કંઈ વિવેક છે ? આખું ગામ મને નાથાલાલ કહે છે અને એમણે મને નાથિયો કહ્યો ?' એવું તે બોલ્યા. પેલા ભાઈ બીજા દિવસે વાડીમાં ગોપાળાનંદ સ્વામીનાં દર્શન કરવા ગયા ત્યારે તેમણે સ્વામીને આ બધું કહ્યું. એ જ સમયે ગોપાળાનંદ સ્વામીના હાથમાંથી માળા પડી ગઈ ને આ બાજુ ગાયકવાડ સરકારને ઉથલાવવાનું કાવતરું થતું હતું એમાં પેલા નાથાલાલ પકડાયા, જેલમાં ગયા. એમાં એમનું ઘર, સમૃદ્ધિ બધું સરકારે લઈ લીધું અને ફરી પાછા ભોંય ઘસતા થઈ ગયા. બે-ત્રણ મહિના પછી મંદિરે આવીને ગોપાળાનંદ સ્વામી આગળ દંડવત્ કરતા હતા. ગોપાળાનંદ સ્વામી કહે, 'કોણ આવ્યું ?' પેલો કહે, 'બાપજી આપનો નાથિયો.' પરંતુ, તે વખતે જ્યારે ગોપાળાનંદ સ્વામીએ નાથિયો કહ્યું હતું ત્યારે એણે ખુશ થઈને કહેવું જોઈતું હતું કે, મારા ગુરુએ મને 'નાથિયો' કહીને યાદ કર્યો ! મારું કેટલું સદ્ભાગ્ય ! તો એને આવું થાત નહીં.

નિષ્ફળતા એ આ નિષ્ફળતા ! કે, ભગવાન ને ભગવાનના સાધુથી આપણને બેપરવાહી થઈ જાય. ભગવાન ને ભગવાનના સાધુ અને સત્સંગથી આપણે દૂર થઈ જઈએ; એ નિષ્ફળતા. બાકી જગતની કોઈ નિષ્ફળતા તમને ઊણી આંચ પણ નહીં આવવા દે !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! (પૂર્ણ) ◆

**સફળતા, નિષ્ફળતા અક્ષરધામમાં જુદી છે.**
**એ શું છે ?**
**તો ભગવાનની નજીક લઈ જાય એ સફળતા ને**
**ભગવાનથી દૂર લઈ જાય એ નિષ્ફળતા.**



॥ સ્વામિશ્રીજી ॥






# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

## હે પ્રભુ પરમ !

આપ સહજાનંદ રૂપે આ બ્રહ્માંડે પધાર્યા
અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદને સાથે લાવ્યા
હેતુ તેઓ આપના સ્વરૂપનું યથાર્થ દર્શન કરાવે
આપ જેઓને મળ્યા-સંબંધ દીધો તે સૌ ન્યાલ થયાં
તે સંબંધ શાશ્વતકાળ સુધી ચૈતન્યોને મળતો રહે
તે હેતુ આપ માનવદેહે પ્રગટ રહેશો તે કોલ દીધા
આજ પર્યંત તે દિવ્ય દર્શન તેવાં સૌને કરાવ્યાં
શાશ્વતકાળ સુધી તે કરાવતા જ રહેશો તે ખાતરી થઈ
તેવાં ભાગ્યવાન સૌ આપના સ્વરૂપને ઓળખે
કર્તાહર્તા માને ને પ્રેરક પ્રવર્તક માને તે હેતુ...
આજે અમને સંતભગવંત સાહેબજીમાં તે મનાવો છો
જે જે માને તે સૌ સુખી સુખી થાય છે... થઈ ગયાં છે
'રહી સહી કસર અમે ટાળીશું'...
તે આપનું વરદાન છે... અમે માનીએ છીએ
તેમાં કસર હોય તો આપ મનાવજો !
'સાહેબજી' આપનું જ સાકાર સ્વરૂપ
સર્વમાં વ્યાપ્ત... પ્રેરક... પ્રવર્તક... કલ્યાણદાતા
તે મારામાં તેવા જ સૌ આ દિવ્ય ચૈતન્યોમાં
તે જેવા આ સૌમાં મનાય તેવા મારામાં વિલસે
આ પરમ સત્ય પૂર્ણ સ્વરૂપે સ્વીકારવા જ છે.
નૂતન વર્ષે આ અમ સૌનો સંકલ્પ છે.
મન-બુદ્ધિમાં તે સ્વીકારીને જ જંપવું
કંઈ પણ કસર ટાળીને જ રહેવું
આપ જરૂર તે સંકલ્પ પૂરો કરશો તે માની જ લેવું
તે નૂતનવર્ષનો સંકલ્પ પૂર્ણ કરો...
'સાહેબજી'ના સ્વરૂપમાં અમને ઓગાળો... શૂન્ય કરો
સર્વત્ર સર્વમાં 'સાહેબજી'નાં દિવ્ય દર્શન કરાવો
અમારી પ્રાર્થના આપે સ્વીકારી
તે માની જીવવા બળ દો છો તે મનાવો !

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

૨૯.૧૦.૨૦૨૧, બ્રહ્મજ્યોતિ





# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

રમા એકાદશી, દીપોત્સવી ઉદ્‌ઘાટન પ્રસંગે આશીર્વાદ
'અક્ષરમહોલ', બ્રહ્મજ્યોતિ – મોગરી, ૨૧ ઑક્ટોબર, ૨૦૨૨

**દીપાવલીનાં** શુભ પર્વોની ઉજવણીના મંગલ પ્રારંભે સંતોએ ભજન ગાયું 'કેમ વિસારું...?' ત્યારે સાથે એક કીર્તનની કડી યાદ આવે છે – 'માછલીને જેમ જળ જીવન છે તેમ, હે પ્રભુ ! આપ અમારું જીવન બનો.' ગુરુહરિ સાહેબદાદા આપણને આશીર્વાદ આપી રહ્યા છે તો આપણે એમની સ્મૃતિમાં છીએ અને તેઓ આપણને સતત વૃત્તિ દ્વારે સેવી રહ્યા છે – એ ગુરુકૃપાનો મહિમા છે !

આપણો ઈતિહાસ એમ કહે છે, આપણાં શાસ્ત્ર એમ સમજાવે છે કે, દસેય ઈન્દ્રિયો ઉપર વિજય મેળવીને એટલે કે અહંકારનો નાશ કરીને પ્રભુની સત્તાનો સ્વીકાર કર્યો એ દશેરાની ઉજવણી થઈ. અને ત્યારથી બરાબર ૨૧ દિવસે ભગવાન શ્રી રામચંદ્રજી અયોધ્યા પધારે છે ને અયોધ્યાના નગરવાસીઓ દીપ પ્રગટાવીને ભગવાનનું સ્વાગત કરે છે. આપણે એનો અધ્યાત્મ અર્થ કરીએ કે, દશેય ઈન્દ્રિયોનો ઉપયોગ જ્યારે પ્રભુની ભક્તિ અને ભક્તોની સેવાને અર્થે થાય છે ત્યારે અહંકાર ઓછો થતો જાય છે. ભગવાન શ્રી રામચંદ્રજીના વનવાસનો સમય ૧૨ વર્ષનો છે. પ્રભુએ કરુણા કરી કે, મેં ભલે દુઃખ વેઠ્યું, કષ્ટ વેઠ્યું, તપ કર્યું, પણ મારા આશરે આવનારા ભક્તોને સહજમાં ને સ્વાભાવિક રીતે હૈયાને વિશે પ્રકાશ થાય, હૈયામાં પ્રભુ પધારે; એવો મંગલ ઉત્સવ એ દિવાળીનો ઉત્સવ છે ! એકાદશીનાં વ્રત, તપ, ઉપવાસના પર્વથી આપણે દિવાળીના મંગલ ઉત્સવોની શરૂઆત વર્ષોથી કરતાં આવ્યાં છીએ.

સાહેબદાદાએ એમના આશીર્વાદમાં સૌથી પહેલામાં પહેલો શબ્દપ્રયોગ 'સંપ, સુહૃદભાવ અને એકતા'નો કર્યો અને પછી 'તન, મન અને ધનથી સુખી થવાના' આશીર્વાદ આપ્યા. આપણે જીવન-આચરણમાં જો સંપ, સુહૃદભાવ અને એકતા લાવ્યાં હોઈશું તો તન, મન અને ધનથી ઉપરનું જે સાચું સુખ છે તે આત્માના સુખથી સુખિયા થઈશું. આજે ગુરુહરિ સાહેબદાદાએ બીજા આશીર્વાદ પણ આપ્યા કે, 'આપણાં સર્વનું જીવન પ્રભુની ભક્તિમય બની રહે, પ્રભુમય બની રહે તો આનંદ આવે અને આપણા માહાત્મ્યમાં વધારો થાય.'

મને વૉટ્સઅપ પર એક સુંદર મેસેજ આવ્યો છે, આ સંદેશો વાંચી સંભળાવું છું. 'હું એકલો બોલી શકું, પણ સાથે મળીએ તો જ વાતો કરી શકાય. હું એકલો આનંદ માણી શકું, પરંતુ સાથે મળીએ તો જ ઉજવણી કરી શકાય. હું એકલો સ્મિત કરી શકું, પરંતુ સાથે મળીએ તો જ મુક્ત હાસ્ય કરી શકાય છે.' ઉજાણી એકલા એકલા થતી નથી ભેગાં થઈને થાય છે. જ્યારે સાથે મળીએ ત્યારે જ ઉજવણી કરી શકાય છે. સુસ્મિત કરો – ચહેરાના સ્નાયુઓને કસરત મળે એટલે એકલા એકલા સ્મિત કરી લેવું. પણ, મુક્ત હાસ્ય કરવું એનું આદર્શ દૃષ્ટાંત ગુરુહરિ સાહેબદાદા છે. તેઓ જે રીતે હૃદયના સાચા ભાવથી અને ખુલ્લા મનથી ખડખડાટ હસે છે, એ તેઓ એકલા હસતા નથી, પણ આપણાં સૌની વચ્ચે મુક્ત હાસ્ય કરે છે. એ આપણી પ્રેરણા સ્મૃતિ છે !

સાથે મળીએ તો જ મુક્ત હાસ્ય કરી શકાય છે. આ જ સુંદરતા છે, સંબંધ છે. સંબંધનું માહાત્મ્ય એ આપણા સત્સંગની બહુ મોટી સૈદ્ધાંતિક સમજણ છે. કોનો સંબંધ થયો છે ? સૌ મારા પ્રભુનાં, સૌ મારા ગુરુનાં અને એમના સંબંધે સૌ નિર્દોષ અને દિવ્ય છે ! એ સાધના

'હું' રૂપી અહંકાર મરી ગયા પછીથી એકવીસ દિવસ પણ ચાલે ને એકવીસ વરસ પણ ચાલે ને એકવીસ જિંદગી પણ ચાલે. શ્રી સ્વામિનારાયણ ભગવાને તો કહ્યું, 'આજે સમજો કે લાખ વરસ કેડે સમજો.' એજેસમજવાની વાત કરી છે એ 'સંબંધ'ની વાત કરી છે. પૂર્ણપુરુષોત્તમ પરમેશ્વર પ્રભુ પ્રગટ સ્વરૂપે મળ્યા, એમના માહાત્મ્યની વાત આજે સમજો કે લાખ વરસ કેડે સમજો, સમજે છૂટકો છે; એ આ સંબંધોની સુંદરતા છે ! સંબંધો બંધાય છે સ્નેહથી, વિકસે છે વહાલથી પણ તે સચવાય છે સમજણથી. સંબંધ બાંધી દેવા, વિકસાવવા એ બહુ સહેલી વાત છે. અને આમેય સામાજિક પ્રાણી તરીકે આપણે સમાજમાં, પરિવારમાં, સત્સંગજીવનમાં અને અમે સાધુઓ પણ સામૂહિક સાધનામાં આશ્રમજીવનમાં જીવીએ છીએ ત્યારે સંબંધો બંધાય છે સ્નેહથી, વિકસે છે વહાલથી, પણ સચવાય છે માત્ર ને માત્ર સમજણથી. તો ગમતા સંબંધો સાચવી રાખજો. જો એ ખોવાશે તો ગૂગલ પણ નહીં શોધી શકે. ગૂગલ ગુરુ બધું શોધી આપે છે પણ ખોવાઈ ગયેલા સંબંધો ગૂગલ પણ નહીં શોધી શકે.

દરેક સારા સંબંધમાં એક સારા માણસનું રોકાણ-ઈન્વેસ્ટમૅન્ટ હોય છે. પણ આપણે ઈન્સ્ટન્ટ-તત્કાલ ફાયદો શોધવાની અનોખી મનોવૃત્તિમાં સંબંધોમાં સ્નેહનું મૂડીરોકાણ કરવા માટે ધીરજ રાખી શકતાં નથી. આજે પૈસા રોક્યા ને કાલે નફો થવો જોઈએ, એ જ વેપારીવૃત્તિથી સંબંધોને પણ આપણે લેણદેણનો સોદો સમજી લીધો છે. અને એટલે જીવનમાંથી પ્રેમ અને ઉમળકો અને એને પરિણામે પ્રાપ્ત થતો જે સંતોષ તે આપણાથી દૂર ને દૂર ભાગતો રહે છે. સૌનાય સંબંધોની મીઠાશ આમ જ જળવાઈ રહે તેવી શુભેચ્છા સાથે આ દિવાળીનાં મંગલ પર્વોની આપને શુભેચ્છા પાઠવતાં અત્યંત આનંદ થાય છે !

આ દિવાળીનાં પર્વો એ માત્ર સારુંસારું પહેરવાનું, સારુંસારું ખાવાનું અને બનાવટી સ્મિતનું મોઢું પહેરીને કેટલાંકને છાતીએ વળગાડીને મળવાનું ને પછી પાછું આખું વરસ એ જ લોહીઉકાળા કરવાનું પર્વ નથી, માટે જાગો, ચેતો ! સંતોએ પ્રાર્થના કરી કે, બ્રહ્મજ્યોતિનો પ્રકાશ અમારાં હૈયાંને વિશે સદાય પ્રજ્વલિત રહે. આપણે જ્યાં નિવાસ કરીએ છીએ, જ્યાં આપણું શ્રદ્ધાનું સ્થાન છે, જે આપણું ઠરવાનું ઠેકાણું છે તે જગ્યાનું નામ 'તપોભૂમિ બ્રહ્મજ્યોતિ' પાડવામાં આવ્યું છે. એ માત્ર રૂપાળા શબ્દો નથી, એની પાછળ અધ્યાત્મનો ભાવ છે. જો અહીં આવીને ભેગાં મળીને આપણે પણ એવા લોહીઉકાળા કરતાં હોઈએ તો એ સ્થાનના સાંનિધ્યનું મહત્ત્વ અને આપણને પ્રાપ્ત થયેલા પુરુષની પ્રાપ્તિનો મહિમા જ આપણા હૃદયમાં સ્થાપિત થયો નથી. એ સ્થાપિત કરવા માટે પર્વોની ઉજવણીનાં જુદાં જુદાં નિમિત્ત ઊભાં કરવામાં આવે છે.

ગુરુદેવ યોગીજી મહારાજનું સાદું સીધું 'સંપ, સુહૃદભાવ, એકતા'નું સૂત્ર આપણને બહુ સુંદર દિવ્ય સંદેશો આપી જાય છે. તે વાતને સમજવાનો થોડો પ્રયત્ન કરીએ. આપણા પરિવાર જીવનમાં, આપણા સાંસારિક જીવનમાં, આપણા સામુદાયિક જીવનમાં, આપણા વ્યાવસાયિક જીવનમાં, આપણા સત્સંગમંડળના ભક્ત જીવનમાં અને આધ્યાત્મિક સાધનામાં ઉત્તરોત્તર પ્રગતિ કરવા માટેનો આ બહુ પાયાનો સિદ્ધાંત છે.

**સંબંધો બંધાય છે સ્નેહથી, વિકસે છે વહાલથી, પણ સચવાય છે માત્ર ને માત્ર સમજણથી.**

શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં કહ્યું છે કે, 'જળના બિંદુમાંથી મનુષ્ય શરીર ઉત્પન્ન થાય છે અને પછી એને દસ ઈન્દ્રિયો, નાક, કાન બધું મળે છે.' આપણને ખબર છે કે, નવ માસના ગર્ભમાં નિવાસ દરમિયાન એક આખું મનુષ્યજીવન ઉછેરને પામે છે અને એ માતાના ગોદમાંથી પૃથ્વીલોક પર આવે છે ત્યારે એ બ્રહ્મજ્યોતિનો પ્રકાશ લઈને આવે છે. એક નવું જીવન આ પૃથ્વી ઉપર પ્રભુના અંશ સ્વરૂપે પ્રભુનો પ્રકાશ લઈને પ્રગટે છે. પછીની જે મથામણ છે તે એ પ્રકાશને જાળવી રાખવાની છે, એનું સંવર્ધન કરવાની છે અને એ પ્રકાશનું પુણ્ય ચારેય બાજુ સંસારમાં પ્રસરાવવાની અદ્ભુત સાધના કરવાની હોય છે. દરેકને પોતપોતાને ભાગે એનો પ્રયત્ન કરવાનો આવે છે. કેટલાક એને જાળવી રાખે છે, અને એમાં જ જિંદગી પૂરી કરે છે.

ગણપતિ દેવ એટલે સર્વનું શુભ અને મંગલ કરનારા દેવ. આ પર્વમાં સૌથી પહેલું સ્થાપન અને પૂજન ગણપતિદાદાનું થાય છે. મારા હૈયાને વિશે પણ આવો વિચાર, આવો ભાવ સતત રહે કે, 'હે પ્રભુ ! સર્વનું મંગલ કરજો, સર્વનું રૂડું કરજો. આ સૃષ્ટિમાં આનંદ અને મંગલ પ્રસરાવજો.' એ ભાવના જેમને પોતાના હૃદયને વિશે સ્થાપિત થાય છે એમના માટે લક્ષ્મીજી હાજરાહજૂર છે અને એની મેળે રૂમઝૂમ કરતી

દોડતી આવે છે. અને એટલે સંતોએ ગાયું છે કે, 'એ તો મારા સંતની દાસી છે.' પણ આપણી નજર તો સતત લક્ષ્મી તરફ જ હોય છે કે, શું મળે ? કેમ મળે ? ને ક્યારે ફાયદો થાય ? પણ એ પહેલાં બ્રહ્મજ્યોતિનો પ્રકાશ જેમના હૃદયને વિશે થાય એનું હૃદય ટાઢું રહે અને શુભ સંકલ્પ રહે કે, 'સર્વનું રૂડું થજો, સર્વનું ભલું થજો.'

આ યાત્રામાં, આ સાધનામાં, આવી ભાવનામાં કંઈક સંકટ આવ્યું, કંઈક મુશ્કેલી આવી તો હનુમાનદાદા તો તૈયાર જ છે. જેમને આપણે સંકટમોચનદેવ – કષ્ટભંજનદેવ કહીએ છીએ. સંકટ આવ્યું તો એનાથી મોચન – હરિ લે, એમાંથી મુક્ત કરે. કંઈક કષ્ટ આવ્યું, કંઈક તકલીફ આવી તો કષ્ટ ભંજન કરી નાખે – ભાંગી નાખે. ગદા લઈને તેઓ ઊભા છે કે, તમતમારે પ્રેમથી ભજો.

સંપ, સુહૃદભાવ, એકતાની યાત્રા કરતાં પહેલાં આ બે દેવ–સર્વનું રૂડું કરનારા અને સર્વ પ્રકારનાં સંકટને હરનારા દેવની પ્રાર્થના, પૂજા કરીને પછીથી જળ એ જીવન છે, અને જળમાંથી એ મનુષ્ય શરીર ઉત્પન્ન થાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે, 'પછી એને નાક, કાન, હાથ, પગ બધી ઇન્દ્રિયો ફૂટી નીકળે છે અને એક સ્વતંત્ર જીવન આ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. આપણી પાંચ ઇન્દ્રિયોના પ્રતીકરૂપ પાંચ આંગળીઓ છે. પાંચેય આંગળીઓનો દરેકનો આકાર, દરેકની સાઈઝ જુદી છે, દરેકની લંબાઈ, જાડાઈ, પહોળાઈ, દરેકનું સ્થાન, એની અગ્રિમતા – બધું અલગ અલગ છે.

> **આ ઇન્દ્રિયોના માધ્યમથી આપણે ક્રિયાઓ કરીએ છીએ તે પ્રભુની ભક્તિ બની રહે.**

ધન પછી બીજી ધાન્યની પ્રાપ્તિ થઈ છે. સોના, ચાંદી કે રૂપિયાની કઢી બનતી નથી. એટલે ધન કરતાં પણ ધાન્યનું મહત્ત્વ અધિક છે. કડકડતી નોટો કરતાં પણ પેટની ક્ષુધાની તૃપ્તિ થાય, શાંતિ થાય તે ધાન્યની પણ બહુ મોટી કિંમત છે. અને હવે આવી રહેલા સમયની અંદર ધન કરતાં ધાન્યની પ્રધાનતા વધવાની છે. એટલે એના પછીનો ઉત્સવ આવશે અન્નકૂટનો ઉત્સવ !

દિવાળીના આ બધા ક્રમિક ઉત્સવો છે અને એ ઉત્સવો આપણે સૌએ ભેળાં મળીને ઊજવવા છે ત્યારે શિખરનો સૌથી નીચેનો પહેલો મોટો કુંભ છે, એ કુંભનું નામ છે 'સંપ.' પરિવાર જીવનમાં પણ સંપ હશે, સુસંવાદિતા હશે, સહૃદયતા હશે, સહેજ નમી લેવાનું, સહેજ ખમી લેવાનું, અને 'ઉપરવાળાનો ભાર વેઠવા માટે જ એને મોટો બનાવ્યો છે–એને પહેલો સ્થાપ્યો છે, ઉપરવાળાનો ભાર સહન કરવાનો છે– મારે નીચે દબાવાનું છે, ઉપરવાળો ઊંચો દેખાવાનો છે.' આવી નમવાની, ખમવાની, સમર્પિત થવાની ને ખોવાઈ જવાની જે ભાવનાનો સંદેશો આપે છે તે પહેલો કુંભ તે 'સંપ'નો કુંભ છે.

એના પછીના કુંભનું નામ છે 'સુહૃદભાવ.' 'સુહૃદભાવ'ની ઘણી બધી વ્યાખ્યાઓ છે પણ સહેલી અને સરળ વ્યાખ્યા યોગીબાપાએ કરી છે કે, 'એકબીજાનું કાર્ય સંપીને કરી લેવું તેનું નામ સુહૃદભાવ.' પાછો પહેલા કુંભનો આધાર બીજો કુંભ લે છે, જે 'સુહૃદભાવ' છે. પણ ગુરુહરિ સાહેબદાદાએ વિશિષ્ટ રીતે એની આધ્યાત્મિક વ્યાખ્યા કરી છે કે, 'અન્યનો ઉત્કર્ષ જોઈને રાજી થવું એનું નામ સુહૃદભાવ.' 'સુહૃદભાવ'નો કળશ એમ કહે છે કે, 'ભાઈ, ભલે મારા ખભા ઉપર પગ મૂકીને તું ઉપર ચઢ.'

એમ, 'સંપ'ના કુંભે તો ભાર વેઠવાનો, ખોવાઈ જવાનું અને ખપી જવાની ભાવના સાથે તે સૌથી નીચે છે. એની ઉપર 'સુહૃદભાવ'નો કળશ ચઢ્યો છે, પણ એણે અન્યનો ઉત્કર્ષ જોઈને રાજી થવાનું. ત્યારે એની ઉપર 'એકતા'નો કળશ ચઢે છે. અને 'એકતા' એટલે ? મારી અને મારા ગુરુની એકતા, મારી અને મારા પ્રભુની એકતા અને એમના સંબંધે એમના સંબંધવાળાં સર્વની સાથે એકતા, સમગ્ર સૃષ્ટિ સાથે એકતા, સર્વ ઠેકાણે પ્રભુનું પરમ તત્ત્વ જે ધબકી રહ્યું છે તેના સ્વીકારની એકતા; એ સૌથી ઉપર ચઢેલો 'એકતા'નો કુંભ છે.

આપણા મંદિર પર પણ પાંચ શિખર ઉપર આ ત્રણ કુંભના પંચ કળશ ચઢાવ્યા છે. ગુરુહરિ સાહેબદાદા એમના આશીર્વાદ પ્રવચનમાં સૌથી પહેલા બોલ્યા કે, 'સંપ, સુહૃદભાવ અને એકતાથી, સૌની સાથે હળીમળીને આપણે દિવાળીનાં પર્વો ઊજવીએ. તન, મન, ધન અને આત્માના સાચા સુખથી આપણે સર્વે સુખિયાં થઈએ' તેવા તેઓએ રૂડા આશીર્વાદ આપ્યા. આપણાં સર્વનું જીવન ભક્તિમય બની રહે, જે કંઈ પણ આ ઇન્દ્રિયોના માધ્યમથી આપણે ક્રિયાઓ કરીએ છીએ તે પ્રભુની ભક્તિ બની રહે, કર્મ માત્ર ભક્તિ બની રહે એવું આપણાં સર્વનું જીવન ગુરુમુખી બને, પ્રભુ પ્રીત્યર્થે જિવાય તેવું ભક્તિમય બની રહે તેવી

પ્રાર્થના કરીએ છીએ. અને તો સર્વ ભક્તોને વિશે આનંદ વ્યાપે અને આપણને સર્વને વિશે માહાત્મ્યનો વધારો થાય - પ્રભુના સ્વરૂપના માહાત્મ્યનો વધારો થાય, એ સ્વરૂપને ધારણ કરીને જેઓ અખંડ જીવી રહ્યા છે તેવા મારા ગુરુદેવ ગુરુહરિ સાહેબદાદાના સ્વરૂપના માહાત્મ્યનો વધારો થાય અને એમના સંબંધવાળા સંતો અને ભક્તોનો પણ મારા જીવનમાં માહાત્મ્યનો વધારો થાય એ સાચી દીપાવલી છે, એ સાચો બ્રહ્મજ્યોતિનો પ્રકાશ છે.

ગુરુહરિ સાહેબદાદાએ સર્વ સંતોને જીવનસાધનાનો આપેલો મંત્ર- 'બ્રહ્મજ્યોતિના પરિસરમાં આવતા ભગવાનના ભક્તોની ભગવાનના ભાવથી સેવા-પરિચર્યા કરી શકીએ.' એવા માહાત્મ્યના વધારાના દીવાઓ પ્રગટાવવાનું નિમંત્રણ આપીને પ્રભુની મૂર્તિનું, પૂજાનાં પાનનું પૂજન કરવાનું સૌને નિમંત્રણ આપ્યું. સૌ સંતો-ભક્તોએ અર્ઘ્ય સ્વરૂપે આરતી અર્પણ કરી. માત્ર કરવા ખાતર કરવાનો આ ક્રિયાકાંડ કે વિધિવિધાન નથી, પણ હૃદયના ઉમળકાથી, 'અહોહો ! આ સેવા મને મળી ! આ ભક્તિ હું અદા કરું છું !' અને આર્દ્રહૃદયે જે પ્રાર્થના કરીએ એ સાચી પ્રાર્થના છે, આડંબરની પ્રાર્થના નથી.

અને દીવા એમ ને એમ પ્રગટતા નથી. કોડિયું જોઈએ, અંદર તેલ જોઈએ, અંદર વાટ જોઈએ અને જેનો દીવો પ્રગટ્યો છે એ જ્યારે પ્રગટાવે ત્યારે સૌના સામૂહિક પ્રયાસના દીવા પ્રગટે છે. આ દીપાવલીનો શુભ સંદેશ છે. એકલું કોડિયું કામ લાગતું નથી, એકલું તેલ કામ લાગતું નથી, એકલી દિવેટ કામ લાગતી નથી. અને આ બધું હોવા છતાં પણ જ્યાં સુધી જેનો દીવો પ્રગટ્યો છે તેનો સંબંધ અને સંપર્ક થતો નથી ત્યાં સુધી દીવો પ્રગટતો પણ નથી. આમ, સંપ, સુહૃદભાવ અને એકતાના કળશનો સંદેશો આ દીવો પણ આપે છે.

કોડિયું છે, તેલ છે, દિવેટ છે એ સૌ સાથે મળીને જેને પ્રકાશ લાધ્યો છે, જેનો પ્રકાશ પ્રગટ્યો છે, એને સાચવી રાખવો, એનું સંવર્ધન કરવું એટલે મારી અંદર જ એનું સંવર્ધન કરવું. અને એનાથી વિશેષ જો પ્રભુ નિમિત્ત બનાવે તો જે પ્રકાશ મને લાધ્યો છે તેનો સંપર્ક અને સંબંધ માહાત્મ્યથી અન્યને કરીને એમના હૃદયને વિશે પણ પ્રકાશનો ઉજાસ પ્રસરાવવાની સેવા પ્રભુ આપણને આપણી કક્ષા પ્રમાણે આપે છે. એટલે પ્રકાશને જાળવવો, એને સાચવવો, એનું તેજ, એનું બળ વધે એટલે કે માહાત્મ્ય મારા જીવનમાં ઉત્તરોત્તર વધતું જાય તેટલો પ્રકાશ વધતો જાય. અને આટલેથી અટકીએ નહીં, નિમિત્ત રૂપે પ્રભુ જ્યારે જે સેવા આપે ત્યારે મારા માહાત્મ્યના એ પ્રકાશના સંબંધે ને સંપર્કે અન્ય દીવડાઓને પ્રકાશિત કરવામાં નિમિત્ત બનવાની સેવા પ્રભુ હું કરી શકું ! એ બ્રહ્મજ્યોતિનો પ્રકાશ સાહેબદાદા, શાંતિદાદાએ આ તપોભૂમિ ઉપર નિવાસ કરીને વર્ષોથી જાળવ્યો છે, એનું સંવર્ધન કર્યું છે, એનો વ્યાપ વધાર્યો છે. સંતોમાં, ભક્તોમાં, સમાજ જીવનમાં એ અનેક દીવડાઓને પ્રગટાવીને આપણા જીવનમાં દિવાળીના આવા શુભ દિવસો ૩૬૫ દિવસ સુલભ બને એવું માહાત્મ્ય રેલાવ્યું છે. સાહેબદાદા બ્રહ્મજ્યોતિનો પ્રકાશ પ્રજ્વલિત કરીને, સર્વ પ્રકારનાં અજ્ઞાન, અમહિમા, અભાવ, અવગુણના અંધકારને હટાવીને આપણાં હૈયાંને વિશે પૂર્ણ પ્રકાશને પ્રગટાવી રહ્યા છે. પ્રતીક રૂપે આવી અદ્‌ભુત દિવાળી આપણે ભેગાં થઈને જુદાં જુદાં પર્વોમાં ઊજવીશું.

**તનથી સેવા કરીએ,**
**મનથી માહાત્મ્યમાં રહીએ,**
**ધન પુણ્ય કાર્યને અર્થે વાપરીએ**
**અને જીવનમુક્તિનો**
**લાભ પ્રાપ્ત કરીએ !**

આવો ! આપણે સૌ ભેગાં મળીને આ બ્રહ્મજ્યોતિના પ્રકાશમાં આપણાંથી યથાશક્તિ કોડિયું બનીને, દીવો બનીને, દિવેટ બનીને એ પ્રકાશને વધારે ને વધારે પ્રજ્વલિત કરવાની આપણાં પક્ષેથી સેવા-ભક્તિ અદા કરીએ. આ ઉપરાંત નાની-મોટી અનેક પ્રકારની સેવાઓ પણ છે. તનથી સેવા કરીએ, મનથી માહાત્મ્યમાં રહીએ, પ્રભુકૃપાથી આપણને જે કંઈ ધન-સંપદા પ્રાપ્ત થઈ છે તે પણ પુણ્ય કાર્યને અર્થે વાપરીએ અને પ્રસાદરૂપે તેને ગ્રહણ કરીને જીવનમુક્તિનો લાભ પ્રાપ્ત કરીએ !

આપણાં માટે તો ગુરુહરિ સાહેબદાદા પધારે એ જ દિવાળી ! ભગવાન શ્રી રામચંદ્રજી અયોધ્યામાં પધાર્યા તો અયોધ્યાવાસીઓએ એ દિવાળીએ દીવા પ્રગટાવી, અંધારી અમાસને અજવાળાંથી ભરી દીધી. એમ, ગુરુહરિ સાહેબદાદા વિદેશની ધર્મયાત્રાએથી સંતો સહિત પધાર્યા તે આપણાં માટે દિવાળી ! અને તે દિવસે આપણાં હૈયાંમાં આ માહાત્મ્યનો ઉજાસ અને પ્રકાશ પ્રગટે ને એવા માહાત્મ્યથી આપણે તેઓનું સ્વાગત કરીએ અને દિવાળી, નૂતનવર્ષ અને લાભપાંચમના રૂડા આશીર્વાદ એમની પાસેથી પ્રાપ્ત કરીએ. આ ઉત્સાહ, ઉમંગ અને ઉત્સવમાં, ઉજાણીમાં સૌ સહભાગી બની રહો તેવી સૌ સંતો વતીથી હાર્દિક પ્રાર્થના અને શુભેચ્છા સાથે દિવાળી પર્વનાં સર્વને ભાવભર્યા જય શ્રીસ્વામિનારાયણ ! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧૬ નવેમ્બર, ગુરુવાર...** બ્રહ્મજ્યોતિ પર બિરાજી બહારગામથી પધારેલ અક્ષરમુક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૧૭ નવેમ્બર, શુક્રવાર...** સાંજે *'તીરથ'* ઑડિટોરીયમમાં વ્રતધારી સંતોની સભામાં પધારી સૌને સત્સંગલાભ અને આશીર્વાદ આપ્યા.

**૧૮ નવેમ્બર, શનિવાર...** લાભપાંચમ નિમિત્તે સવારે વ્રતધારી સંતોના કર્મયોગ સ્થાને-અનુપમ એડહેસિવ્ઝ ફેક્ટરીમાં યોજેલ મહાપૂજામાં પધાર્યા. ત્યારબાદ યોગેન્દ્રભાઈના 'નિજાનંદ રિસૉર્ટમાં યોજેલ મહાપૂજામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ નવેમ્બર, રવિવાર...** બપોરે અમદાવાદ-બોપલમાં પ્રશાંતભાઈ પોપટના ઘરે પધરામણી કરી, જિતુભાઈ પોપટના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી. સાંજે પ્રકાશભાઈ-પ્રભાબહેનના દીકરા દર્શ-જયતીના રિસૅપ્શનમાં પધારી નવદંપતીને આશીર્વાદ આપ્યા.

**૨૦ નવેમ્બર, સોમવાર...** સતીશભાઈ ચતવાણી (યુ.કે.), સુધીરભાઈ અને રાજશ્રીબહેન (દુબઈ)નાં સ્વાગત કર્યાં. સાંજે વડોદરા વૅલકેર હૉસ્પિટલમાં પગની સારવાર લેતા સાધુ પૂ. રમેશદાસજી ઝાના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી, તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી. દિશા-પ્રિયંક અડાલજા દ્વારા નાનાં બાળકો માટે નિર્માણ કરેલ 'નૉટીહૅડ'માં પધરામણી કરી, સફળતા માટે ધૂન-પ્રાર્થના કરી. મિત્તલબહેન-ઊર્મિલભાઈના ઘરે વડોદરા મંડળની નવા વર્ષની સભામાં પધારી આશીર્વાદ અને આશીર્વાદ આપ્યા.

**૨૧ નવેમ્બર, મંગળવાર...** બ્રહ્મજ્યોતિ પર બિરાજી સ્થાનિક તથા દર્શનાર્થે પધારતા ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૨૨ નવેમ્બર, બુધવાર...** સાંજે *'તીરથ'* ઑડિટોરીયમમાં વ્રતધારી સંતોની સભામાં પધારી સૌને સત્સંગલાભ અને આશીર્વાદ આપ્યા.

**૨૩ નવેમ્બર, ગુરુવાર...** સાંજે *'અક્ષરમહોલ'*માં શાકોત્સવમાં પધારી સૌ કાર્યકર્તાઓની ભક્તિને બિરદાવી પ્રસન્નતા વરસાવી સૌને આશીર્વાદ પાઠવ્યા. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ નવેમ્બર, શુક્રવાર...** રાત્રે ગુરગૌલા સ્થિત મંદિર પાટોત્સવ પ્રસંગે પધારતા સંતોને તેઓની સુખદ અને સફળ યાત્રા માટે આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ નવેમ્બર, શનિવાર...** બ્રહ્મજ્યોતિમાં બિરાજી સ્થાનિક તથા દર્શનાર્થે પધારતા ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૨૬ નવેમ્બર, રવિવાર...** સવારે યજ્ઞશાળામાં પધારી યજ્ઞ દરમિયાન સૌનાં સુખદ જીવન માટે પ્રાર્થનાઓ કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ નવેમ્બર, સોમવાર...** રાત્રિસભામાં વિદેશની તીર્થયાત્રાએથી પરત પધારેલ વડીલ સાધુઓ પૂ. ભરતદાસજી અને સાધુ પૂ. ઘનશ્યામદાસજીનાં સ્વાગત કર્યાં તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ નવેમ્બર, મંગળવાર...** બ્રહ્મજ્યોતિમાં બિરાજી સ્થાનિક તથા દર્શનાર્થે પધારતા ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૨૯ નવેમ્બર, બુધવાર...** બપોરે બહારગામથી પધારેલ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. ખારઘર મંદિરે દેવદિવાળીનો સમૈયો પૂર્ણ કરીને પરત પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોને સત્કાર્યા. રાત્રે *'પારમિતા'* સભાખંડમાં 'બ્રહ્મનિર્ઝર'ની સેવામાં પધારી ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓના ઉત્સાહમાં વધારો કર્યો.

**૩૦ નવેમ્બર, ગુરુવાર...** સવારે *'પારમિતા'* સભાખંડમાં યોગી વિદ્યાપીઠમાં સેવા આપતા સૌ શિક્ષકગણને નવા સત્રના પ્રારંભે યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. ◆

# Harmony Begins at Home : The Transformative Power of Ghar Sabha

~ Saheli Sheth (Peoria, USA)

I keep a list called "Connections" on my phone's Notes app. It's where I jot down moments when I felt deeply connected to the world, divinity, and people around me. This collection includes memories of laughter, conversations where I felt heard and accepted, and moments of soul-to-soul connections.

As I scrolled through this list, I noticed a pattern: most of these cherished memories involved my parents. This realization made me reflect on the influential role that parents and care givers have in shaping their children's lives.

We can see this impact across a spectrum of experiences, from adults who maintain strong and positive relationships with their parents, to those who are still healing from emotional pain caused by their parents, and everything in between. So, how can parents and care givers cultivate a closer relationship with their children? How did my parents make it onto my list of positive memories?

The answer lies in a simple practice called Ghar Sabha. Ghar Sabha is a weekly gathering where family members connect, share updates about their lives, and offer guidance. It can take a formal setting in front of a home temple at a designated time each week, or it could be informal, like a heartfelt conversation after a satisfying dinner. The time and place are not as important as the connection it fosters.

When parents and care givers commit to participating in Ghar Sabha with their children, it sends many unspoken messages: *"I care about what's going on in your world," "No matter how busy I am, I make time for you,"* and *"You can always come to me, and I will listen."* Over time, this regular interaction between parent and child can lead to positive changes in our brain structures through "neuroplasticity." Neuroplasticity is the brain's remarkable ability to change and adapt over time. The more we interact positively with our children, the more our brains adapt and become wired for healthy relationships.

In essence, our relationship with our children becomes the blueprint for relationships in their lives. They learn about their worth and how they deserve to be treated by observing our behavior. When children experience their caregivers actively listening to them, honoring their voices, and spending quality time with them, they subconsciously or even consciously learn, *"This is what a healthy relationship looks like."* By investing meaningful time with our children, we set them up to build fulfilling friendships and healthy romantic relationships in the future.

Sant Bhagwant Sahebdada has emphasized that satsang begins at home. Ghar Sabha applies our spirituality within our homes and fosters healthy communication with our children. It can also ease our concerns about what is happening in our children's lives.

An inspiring story shared by a satsangi highlights the transformative impact of Ghar Sabha in his relationship with his eleven-year-old son. Previously, it had been challenging to have open conversations with his shy son, but after starting Ghar Sabha, they had a platform to openly discuss his son's plans, worries, and friendships. This satsangi expressed, "I feel like I didn't know my son until I started doing Ghar Sabha."

Ghar Sabha holds immense potential for promoting harmony and deepening connections within the family. And when we prioritize harmony within our homes, its positive influence radiates to all aspects of our lives. ◆






# આપણાં બાળકોને પ્રેમથી દોરીએ !

ભાવાનુવાદ : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**જ્યારે** મારા મિત્રો ભારે લાગણીઓના બોજનો અનુભવ કરતાં ત્યારે હું તેમને સલાહ અથવા જ્ઞાન આપતી. પરંતુ, યુવાનોના માનસિક આરોગ્ય ચિકિત્સક (મૅન્ટલ હૅલ્થ થૅરાપિસ્ટ) બન્યા પછી, મને સમજાયું કે, યુવાનોને તેઓના સંઘર્ષમાં સહાયરૂપ થાય તેવા વધુ અસરકારક ઉપાયો છે.

ઉદાહરણ તરીકે ધારો કે, આપનું ચાર વર્ષનું બાળક, એનાં રમકડાં આખા રૂમમાં વેરવિખેર ફેંકીને ધ્રુસકે ને ધ્રુસકે રડે છે. અથવા આપનું પંદર વર્ષનું સંતાન આપની સાથે ભારે દલીલો કર્યા પછી ગુસ્સામાં પગ પછાડતું બહાર નીકળી જાય છે. આવા સમયે તમે શું કરી શકો ?

આપણાં બાળકોની અટપટી ઊર્મિઓને સમજવી એ અત્યંત દુષ્કર અને નિરાશાજનક બની શકે, પરંતુ, ચાલો આપણે મગજ વિજ્ઞાન (Brain Science)ની મદદથી કોશિશ કરીએ કે, ૧. આપણાં બાળકોના મગજમાં શું ચાલી રહ્યું છે ? ૨. આપણે તેમને કેવી રીતે મદદ કરી શકીએ ?

આપણા મગજના બે ભાગ હોય છે : મગજનો ઉપરનો ભાગ (Upstairs Brain) અને મગજનો નીચેનો ભાગ (Downstairs Brain). ઉપરનું મગજ (Upstairs Brain) કે જ્યાં આપણે તર્કશીલ હોઈએ છીએ. જોકે, જ્યારે આપણે ભાવનાત્મક બનીએ છીએ ત્યારે આપણે નીચેના મગજમાં (Downstairs Brain) સ્થળાંતર કરીએ છીએ. જ્યારે આપણે ઉશ્કેરાઈએ, ગુસ્સો કરીએ, ઉદાસીનતા અથવા બેચેની અનુભવીએ ત્યારે આપણે નીચેના મગજ (Downstairs brain)માં સ્થળાંતર કરીએ છીએ અને તર્ક બાજુ પર રહી જાય છે. આપણે સહુ આ પ્રક્રિયામાંથી પસાર થઈ ચૂક્યાં છીએ. દાખલા તરીકે, આપણને કોઈ સાંભળે નહીં ત્યારે મોટે મોટેથી બૂમો પાડી હોય અથવા ગુસ્સામાં પગ પછાડી કક્ષની બહાર જતાં રહ્યાં હોઈએ. વિવાદનો ઉકેલ લાવવા માટેનો આ સમય યોગ્ય નથી.

હવે આપણે આપણા ચાર વર્ષના રડતા બાળક અથવા પંદર વર્ષના ગુસ્સે થયેલ યુવાનની વાત કરીએ. આપણે એમને કેવી રીતે મદદરૂપ થઈ શકીએ ? જ્યારે તેઓને ઉપરના મગજ (Upstairs Brain)ની તર્કશક્તિ ઉપલબ્ધ નથી, ત્યારે આપણે યાદ રાખવું જરૂરી છે કે, દલીલ કે સમજાવટથી વાત નહીં કરાય. આ સમય નિયમોની વાત કરવાનો, તેમના હિત માટે તેમને સમજાવવાનો કે કોઈ ગહન આધ્યાત્મિક શીખ આપવાનો નથી. સૌથી પહેલાં – તેમનો પ્રેમથી સ્વીકાર કરવો એ ખૂબ જ અગત્યનું છે.

આપણે આપણાં બાળકોને કેવી રીતે પ્રેમ અને આદરથી સ્વીકાર કરીએ ? તેની બે પદ્ધતિઓ છે : ૧. લાગણીઓની અનુભૂતિ : વ્યક્તિના ક્રોધ/તણાવ/ગુસ્સા વગેરેને અનુભવવા. ૨.ભાવની સમજણ : 'મને લાગે છે કે આપ કહેવા માંગો છો...' અથવા 'હું ચોક્કસ કરવા માંગું છું કે હું બરાબર સમજ્યો છું' તેવી સ્થિતિમાં ભાવને સમજવા. જ્યારે આપણાં બાળકો અસ્વસ્થ હોય અને આપણે કહીએ એ સાંભળે નહીં અથવા નક્કી કરેલા નિયમમાં રહે નહીં– તો એ એમને નથી સાંભળવું એટલે નહીં, પરંતુ તેઓ એ સમયે સાંભળી શકે એવી સ્થિતિમાં નથી. આપણાં બાળકો, ઉપરના મગજની (Upstairs Brain) સહાયતા મેળવી શકે તે માટે, તેમનું આપણી સાથે પ્રેમસભર જોડાણ અને આદરપૂર્વક સ્વીકારનો અહેસાસ આપવો જરૂરી છે. એકવાર તેઓ માનસિક રીતે શાંત થઈ જાય, પછી આપણો કોઈપણ સંદેશો ગ્રહણ કરવા સક્ષમ બનશે.

પૂજ્ય યોગીબાપા પણ આ સિદ્ધાંત અનુસાર યુવાનો સાથે સંબંધ બનાવતાં પહેલાં હેત કરવું પછી વાત કરવી તેમ કહેતા. સંતભગવંત સાહેબદાદાએ પણ નિરપેક્ષ પ્રેમ આપી યુવાનો સાથે સંબંધ બનાવ્યો, પછી જ તેમણે મંડળોમાં, સભાઓ દ્વારા જીવન જીવવાની વાતો કરી, યુવાનોને આધ્યાત્મિક પથ પર ચાલતા કર્યા. અથવા પૂજ્ય યોગીબાપાએ ખૂબ જ સમાન ફિલસૂફીનું સમર્થન કર્યું છે : પહેલાં હેત, પછી સિદ્ધાંત. ગુરુવર્ય પરમ પૂજ્ય સાહેબજીએ મંડળોને સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા યુવાનો સાથે સંબંધ કેળવવા પ્રેરિત કર્યાં. પછી જ સભાઓ દ્વારા આધ્યાત્મિક સંબંધના વિકાસનું કાર્ય કરીને યોગીબાપાની દીર્ઘદૃષ્ટિને સજીવ રાખી છે–પહેલાં પ્રેમથી જોડાણ, પછી બોધ.

હવેથી યાદ રાખીએ કે, જ્યારે આપણાં બાળકો તીવ્ર લાગણીઓ અનુભવી રહ્યાં હોય, ત્યારે તેઓ તેમના નીચલા મગજમાં (Downstairs brain) પ્રસ્થાન કરી ચૂક્યાં છે – એક એવી અવસ્થા જે પુખ્ત વયનાં લોકો પણ વારંવાર અનુભવે છે. આ ક્ષણોમાં સમતામાં રહીને આપણે આપણાં બાળકોની લાગણીઓ સાથે પ્રેમપૂર્વક જોડાઈએ. આ સમયે તમારા મનની સમતા અસરકારક નીવડશે. અને જ્યારે આપણે પોતાની જાતને નીચેના મગજમાં (Downstairs brain) અટવાયેલા અનુભવીએ, ત્યારે આપણે પોતે એક ક્ષણનો વિરામ લઈએ.

માતા-પિતા અને વાલીઓને આપણાં વ્હાલસોયાં બાળકો વિશે મારી નમ્ર પ્રાર્થના : એમને સમજાવવામાં જે સમય ગાળીએ છીએ તેને બદલે આપણે એમને સમજવા માટે વધુ સમય કાઢીએ તો ? ◆

*(સહેલી શેઠના બ્રહ્મનિર્ઝર–નવેમ્બર ૨૦૨૩ અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*

# સત્સંગ સમાચાર

## શાકોત્સવ

*** ઉપાસના ધામ, અમદાવાદ :** ૨૩ નવેમ્બર ૨૦૨૩, ગુરુવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે અમદાવાદ સત્સંગપ્રદેશના ભક્તો દ્વારા શાકોત્સવની ખૂબ ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. શ્રીજી મહારાજે ગામ લોયા ખાતે જે ભવ્ય શાકોત્સવ ઊજવ્યો હતો તે મહોત્સવની સ્મૃતિ સાથે સુશોભન કરવામાં આવ્યું. લોયા ગામની પ્રતિકૃતિ ઊભી કરવામાં આવી, જેમાં વિવિધ પ્રકારનાં લીલાં શાકભાજી દ્વારા શ્રીજી મહારાજ મોટા તપેલામાં રીંગણાંનું શાક બનાવી રહ્યા હોય અને ગામનાં ખેતરો, ગામના રસ્તા, ગામના ચોક, ભજનમંડળી, કૂવો, મુખ્ય દરવાજો, ગામને ફરતી વાડ એ રીતે તમામ સ્થળોનું અદ્‌ભુત નિર્માણ કરવામાં આવ્યું. સાધુ પૂ. હર્ષદદાસજી અને સાધુ પૂ. પ્રિયકાન્તદાસજીના સાંનિધ્યમાં ડૉ. પાર્થિવભાઈ મહેતા અને ઘનશ્યામભાઈ પાઠકે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. સભાસંચાલન ચેતનભાઈ વ્યાસે કર્યું. ઉત્સવના અંતે સર્વ ભક્તોએ શાકોત્સવની આરતીનો લાભ લીધો. ◆

*** ખારઘર, નવી મુંબઈ :** નવી મુંબઈના ખારઘર સ્થિત ઉપાસના ધામમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાને સંતોના સાંનિધ્યે ૨૫ નવેમ્બર ૨૦૨૩ના રોજ શાકોત્સવની ભક્તિભાવથી ઉજવણી થઈ. સેવક અક્ષરમુક્તોએ સાધુ પૂ. દિનેશદાસજી, પૂ. યજ્ઞેશદાસજી તથા પૂ. અનિલદાસજીનાં માર્ગદર્શન હેઠળ સંતભગવંત સાહેબજીની ૫૦ વર્ષની વૈશ્વિક ધર્મયાત્રાની થીમ પર ભાતભાતનાં શાકભાજીનું સુંદર સુશોભન કરી શ્રી ઠાકોરજી અને સ્વરૂપોનાં ચરણોમાં ધર્યાં. અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તો અને બાળકોએ ધૂન-ભજનની રમઝટ બોલાવી શાકોત્સવનો પ્રારંભ કર્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પધાર્યા ત્યારે દીકરીઓએ સ્વાગતનૃત્ય દ્વારા ભક્તિ અર્પણ કરી. હેતનભાઈએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર્યાં. સાધુ પૂ. યજ્ઞેશદાસજીએ માર્ગદર્શન પ્રવચન કરી સૌને ભક્તિ કરવાની સમજ આપી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી મોટા પુરુષની પ્રસન્નતા પામવાની સમજ આપી અને સૌ ભક્તોની સેવાને બિરદાવી. ◆

## દેશ-પરદેશનાં વિવિધ મંડળોમાં અન્નકૂટ ઉત્સવ

*** ઉપાસના ધામ, અમદાવાદ :** ૨૬ નવેમ્બર ૨૦૨૩, રવિવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે અમદાવાદ સત્સંગપ્રદેશમાં સંતોની દિવ્ય હાજરીમાં ભક્તોએ ભેગાં મળી અન્નકૂટ ઉત્સવ ખૂબ ભવ્ય રીતે ઊજવ્યો. શ્રી ઠાકોરજી મહારાજ સમક્ષ ભીની-કોરી વાનગીઓ, ભીનાં-કોરાં ફરસાણ, વિવિધ શાકભાજી, વિદેશી વાનગીઓ, ભાતભાતના મુખવાસ, વિવિધ ફળ, ડ્રાયફ્રૂટ્સ આદિ ખૂબ જ અદ્‌ભુત સુશોભન દ્વારા ધરવામાં આવ્યાં. તમામ વાનગીઓ ભક્તો પોતાના ઘરે ખૂબ ભાવથી જાતે બનાવીને લાવ્યા. શ્રી ઠાકોરજીને આશરે ૨૫૦થી પણ વધુ વાનગીઓ ભક્તિભાવે ધરવામાં આવી. સાધુ પૂ. સતીશદાસજી અને સાધુ પૂ. ગૌતમદાસજીએ આશીર્વાદ આપ્યા. સભાસંચાલન ચેતનભાઈ વ્યાસે કર્યું. ઉત્સવના અંતે સર્વ ભક્તોએ અન્નકૂટની આરતીનો લાભ લીધો અને ધન્ય થયાં. ◆

*** ઉપાસના ધામ, સુરત :** ૨૬ નવેમ્બર ૨૦૨૩ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાના સાંનિધ્યે અનુપમ મિશન-સુરત કેન્દ્રના ઉપાસના ધામમાં શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરવામાં આવ્યો. આ



ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે શાકોત્સવ પ્રસંગે ભક્તિઅર્ઘ્ય અર્પણ



ખારઘર, નવી મુંબઈ મંદિરે શાકોત્સવ પ્રસંગે પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

નિમિત્તે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. દિવ્યેશદાસજી, સાધુ પૂ. ગોરધનદાસજી પણ પધાર્યા. દક્ષિણ ગુજરાત પ્રદેશના અનેક મુક્તોએ સાધુ પૂ. કાનજીદાસજીનાં માર્ગદર્શન હેઠળ અન્નકૂટ ઉત્સવમાં અદ્ભુત ભક્તિ અદા કરી. સ્થાનિક બહેનોએ ૫૫૫ જેટલી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવીને પ્રભુને ભક્તિભાવે ધરાવી. યુવાન સેવકોએ કલાત્મક સુશોભન કરી અન્નકૂટ સરસ રીતે ગોઠવ્યો. સૂરવૃંદના ભક્તોએ ભાવવાહી થાળનાં ગાન કરીને પ્રભુને થાળ જમાડ્યા. ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી ભક્તોએ અન્નકૂટ ઉત્સવ નિમિત્તે આરતી અર્પણ કરી ભક્તિ અદા કરી. ◆

*** ખારઘર, નવી મુંબઈ :** ૨૬ નવેમ્બર ૨૦૨૩, રવિવારના રોજ ઉપાસના ધામ, ખારઘર ખાતે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના દિવ્ય સાંનિધ્યે અન્નકૂટ ઉત્સવ યોજાયો, સાથે ખારઘર મંદિરના શિખર પર કળશ સ્થાપિત થયા તેને એક વર્ષ પૂર્ણ થયું તે નિમિત્તે પણ અદ્ભુત ઉત્સવ યોજાયો. ભાવિક બહેનોએ વિવિધ વાનગીઓ જાતે બનાવી પ્રભુભક્તિ અર્પણ કરી. વહેલી સવારથી સર્વે બહેનો અને દીકરીઓ અન્નકૂટ ગોઠવવાની સેવામાં લાગી ગયાં. સાધુ પૂ. અનિલદાસજીનાં માર્ગદર્શન મુજબ યુવાનોએ સુંદર સુશોભન કરી શ્રી ઠાકોરજીને અન્નકૂટ ધરાવ્યો. અન્નકૂટ ઉત્સવની સભાનો શુભારંભ ધૂન, ભજન અને પ્રાર્થનાથી થયો. આ પ્રસંગે દર્શન-આશીર્વાદનો લાભ લેવા પવઈ મંદિરેથી પૂ. ભરતભાઈ અને સંતો પધાર્યા. પનવેલ મહાનગર પાલિકાના કમિશ્નરશ્રી ગણેશરાવ દેશમુખ તેઓનાં ધર્મપત્ની સાથે પધાર્યા. જગતભાઈએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની સંનિધિથી પ્રાપ્ત ધન્યતાની અનુભૂતિ વ્યક્ત કરી. બાલકૃષ્ણ મુસાલે અને શ્રી ગણેશરાવ દેશમુખે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. સાધુ પૂ. દિનેશદાસજીએ સુંદર માહાત્મ્યગાન ગાઈને ગુરુહરિ સાહેબદાદાની સ્મૃતિમાં અખંડ રહી, તેઓએ આપેલ આજ્ઞાનાં પાલન કરી જીવન જિવાય તેવી સર્વેને માટે આશિષયાચના ધરી. પવઈ મંદિરના સાધુ પૂ. ભરતભાઈએ આશીર્વાદ આપ્યા અને ભગવાન અને ભગવાન ધારક સંતને રાજી કરવા માટે જેઓ દાખડો કરી સેવા કરે છે તે સૌને શ્રી ઠાકોરજી બળ અર્પે તેવી પ્રાર્થના ધરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદમાં દેવદિવાળી નિમિત્તે દેવ અને અસુરોની પ્રાસંગિક વાર્તા કરી, સૌ ભક્તોને દૈવીભાવ રાખી વર્તન, વાણી, વિચાર, આચાર પ્રમાણે સવળું જીવન જીવવાની સમજ આપી.

૨૭ નવેમ્બર ૨૦૨૩, સોમવાર, દેવદિવાળી-કાર્તિકી પૂનમના રોજ ખારઘર-ઉપાસના ધામ પર શ્રી શિખરજી તથા શ્રી કળશજી સ્થાપિત થયાં તેના પ્રથમ સ્થાપનાદિને તેની પૂજનવિધિ થઈ. ત્યારબાદ મુંબઈ અને ખારઘર મંડળનાં બહેનો માર્ચ ૨૦૨૨થી દર પૂનમે મંદિરે દર્શન કરવા પધારે છે, તે નિમિત્તે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ તેઓની આ ભક્તિને વધાવી અને અભિનંદન પાઠવ્યાં. ◆

*** સાઠંબા :** વિ.સં. ૨૦૮૦ના આરંભે ૨૪ નવેમ્બર ૨૦૨૩ના રોજ શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, સાઠંબા ખાતે પ્રાદેશિક સંતો સાધુ પૂ. અશોકદાસજી અને સાધુ પૂ. નિખિલદાસજીનાં સાંનિધ્યે અન્નકૂટ ઉત્સવનું ભક્તિભર્યું આયોજન કરવામાં આવ્યું. સ્થાનિક બહેનોએ ખૂબ ભાવથી વિવિધ વ્યંજનો બનાવ્યાં. યુવાનોએ ભક્તિભાવે તે વ્યંજનો શ્રી ઠાકોરજીના શ્રી ચરણે ગોઠવ્યાં. સૂરવૃંદના યુવાનોએ સાધુ પૂ. અશોકદાસજી સાથે ભાવભર્યા થાળ અને કીર્તનોનાં ગાન કર્યાં. જિજ્ઞેશભાઈએ મહિમાગાન કર્યાં અને સાધુ પૂ. અશોકદાસજીએ આશીર્વાદ વરસાવી સૌની ભકિતને બિરદાવી. હરિતભાઈએ સભાસંચાલન કર્યું અને વસંતદાદાએ સૌનો આભાર માન્યો. ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ પધારી સંતોનાં સમાગમ અને ભક્તિના આનંદનો અલૌકિક લાભ લીધો. ◆



ખારઘર, નવી મુંબઈ સ્થિત મંદિરજી શિખર અને કળશનાં પૂજન



સાઠંબા સ્થિત મંદિરે અન્નકૂટ ભક્તિ અર્પણ

## 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ' માટે સહકાર કાર્ય

ડેન્હમ-ઈંગ્લૅન્ડ સ્થિત અનુપમ મિશન ખાતે યુરોપના સર્વપ્રથમ અંત્યેષ્ટિ સંસ્કારધામના નિર્માણકાર્યમાં અનેક મુક્તો સહકાર આપી સમાજસેવા કરી રહ્યા છે. સંતભગવંત સાહેબજી જ્યારે ઈંગ્લૅન્ડ બિરાજમાન હતા ત્યારે ઈંગ્લૅન્ડના 'ઍશિયન ફાઉન્ડેશન ફૉર હેલ્પ'ના ટ્રસ્ટીઓ વિનુભાઈ કોટેચા, દીપકભાઈ જટાનિયા, કેતનભાઈ મહેતા, ગોવિંદભાઈ પટેલ આદિએ 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ના નિર્માણકાર્યમાં વિશેષ યોગદાન અર્પણ કરવાની ભાવના વ્યક્ત કરી. તે અંતર્ગત ૨૬ નવેમ્બર ૨૦૨૩ના રોજ 'શ્રી ધામેચા લોહાણા સૅન્ટર'માં 'હનુમાન ચાલીસા'ના પાઠનું અદ્‌ભુત આયોજન કરવામાં આવ્યું.

આ પાઠ સૌનાં કલ્યાણ અર્થે તેમજ 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'નું નિર્માણકાર્ય નિર્વિઘ્ને અને ઝડપથી પાર પડે તથા આર્થિક સેવાના ભાગીદાર બનવાના માધ્યમ રૂપે કરવામાં આવ્યો. સંતભગવંત સાહેબજીએ પણ આ કાર્યક્રમમાં ઑનલાઈન જોડાઈને આશીર્વાદ પ્રદાન કર્યા. તેઓએ વિશેષ પ્રસન્નતા વ્યક્ત કરી કે, 'ઍશિયન ફાઉન્ડેશન ફૉર હેલ્પ' એ અદ્‌ભુત સંસ્થા છે જે માત્ર દાન દ્વારા જ નહીં, પરંતુ પ્રાર્થના માટેના કાર્યક્રમો કરીને પણ સમાજસેવાનું કાર્ય નિર્વિઘ્ને પાર પડે તે હેતુથી સહકાર આપે છે.'

સાંજે ખૂબ જ મોટી સંખ્યામાં સંગીતરસિકો માટે જાણીતાં કલાકાર ઈશિતા વિશ્વકર્મા દ્વારા 'મહેફિલ' નામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ બંને કાર્યક્રમના અંતે સૌની સામૂહિક સેવાભાવનાના ફળ સ્વરૂપે મોટી રકમ 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ના નિર્માણ સેવાર્થે એકત્ર કરવામાં આવી. 'ઍશિયન ફાઉન્ડેશન ફૉર હેલ્પ', 'લાયન્સ ક્લબ ઓફ કિંગ્સબરી' અને 'પ્રનાશા ઑર્ગેનાઈઝેશન'ની સાથે અનુપમ મિશનના સૌ સંતો-ટ્રસ્ટીઓ-સ્વયંસેવકોએ આખો દિવસ આ કાર્યક્રમમાં સહભાગી થઈ સૌની સમર્પણ-ભક્તિને બિરદાવી. ◆

## ગુરગૌલા સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ

ઉત્તર પ્રદેશમાં આવેલ ગુરગૌલા ગામમાં ૨૭ નવેમ્બર ૨૦૨૩ - કાર્તિકી પૂનમ-દેવદિવાળીના મંગલપર્વે અનુપમ મિશન સંલગ્ન 'સાહેબજી ફાઉન્ડેશન ટ્રસ્ટ' દ્વારા સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિરના ૨૨મા પાટોત્સવની ભક્તિભાવે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી અનુપમ મિશન-મોગરી કેન્દ્રમાંથી વડીલ સાધુ પૂ. ઉમેશદાસજી, સાધુ પૂ. નરેન્દ્રદાસજી, સાધુ પૂ. મૂકેશદાસજી અને સાધુ પૂ. પંકજદાસજી પધાર્યા.

પાટોત્સવની પૂર્વ સંધ્યાએ પાયલ સિંઘ અને સ્થાનિક ભક્તો દ્વારા કીર્તન આરાધનાનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે નૃત્ય ભક્તિ દ્વારા સંતોનાં સ્વાગત કરવામાં આવ્યાં. દેવદિવાળીના રોજ સવારે મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન થયાં. સાધુ પૂ. પંકજદાસજી અને સાધુ પૂ. મૂકેશદાસજીએ સમજ સાથે પાટોત્સવ મહાપૂજા સંપન્ન કરાવી. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક હરિભક્તો પધાર્યા. કે. સી. સિંઘસાહેબ અને સાધુ પૂ. પંકજદાસજી દ્વારા મહિમાગાન થયાં. વડીલ સાધુ પૂ. ઉમેશદાસજીએ આ મંગલ પ્રસંગે આશીર્વાદ અર્પણ કર્યા.

આ નિમિત્તે 'શ્રી સ્વામિનારાયણ પ્રતિભા ખોજ પુરસ્કાર ૨૦૨૩' અને 'અનુપમ છાત્રવૃત્તિ આયોજન ૨૦૨૩' મેળવવા માટે 'સાહેબજી ફાઉન્ડેશન ટ્રસ્ટ' દ્વારા ૩૫ જેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અર્પણ કરવામાં આવી. સભાના અંતે મંદિરમાં શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓ સમક્ષ ૧૦૮ વાનગીઓનો અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો. અન્નકૂટ થાળ, આરતી અર્પણ કરીને સૌએ ધન્યતા અનુભવી. ગુરગૌલા યાત્રા દરમિયાન સંતોએ અનેક હરિભક્તોના ઘરે પધરામણી કરી મહાપૂજા, પ્રાર્થના-ભક્તિ અને સત્સંગનો અદ્‌ભુત લાભ આપ્યો. ◆



'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ના સહકાર અર્થે યોજિત કાર્યક્રમમાં સંતો-શ્રેષ્ઠીઓ



ગુરગૌલા સ્થિત મંદિરની મૂર્તિ પાટોત્સવ સભામાં સંતોના આશીર્વાદ

## કેવડિયા-એકતા નગર ખાતે ત્રિદિવસીય સત્સંગ શિબિર

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને જીવન-આચરણમાં વણી લઈ, પરમ સુખ, શાંતિ અને આનંદ પામવાના દિવ્ય માર્ગે સૌ સહજતાથી ચાલી શકે તે હેતુથી સંતભગવંત સાહેબજી સૌ પર અપાર કૃપા વરસાવી રહ્યા છે. તેના પરિણામે જ નર્મદા જિલ્લાના કેવડિયા-એકતાનગર ખાતે ૧થી ૩ ડિસેમ્બર દરમિયાન આધ્યાત્મિક સત્સંગ શિબિરનાં આયોજન સતંભગવંત સાહેબજીએ કરાવ્યાં. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની દિવ્ય નિશ્રામાં ૮૦૦થી વધુ સંતો અને અક્ષરમુક્તોએ આ શિબિરમાં અલૌકિક સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. મુંબઈથી લઈને માણાવદર સુધીના સક્રિય અક્ષરમુક્તો અને વિશેષ તો યુવાનોએ આ શિબિરમાં સંતભગવંત સાહેબજીના શ્રીચરણે તન, મન અને ધન સહિત જીવન સમર્પણ કરવાનાં બળ પ્રાપ્ત કર્યાં.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સાધુ પૂ. સતીશદાસજી, સાધુ પૂ. મણિદાસજી, ડૉ. વનરાજસિંહ આદિનાં માર્ગદર્શન મુજબ યજમાન સ્વરૂપે કાનમ પ્રદેશ, વડોદરા મંડળ અને અંકલેશ્વર મંડળના અક્ષરમુક્તોએ ભેગા મળીને કેવડિયા ખાતે શિબિરના સ્થળથી લઈ ભક્તોના ઉતારા માટેની તમામ વ્યવસ્થા તેમજ શિબિરનાં સઘળાં આયોજનની સેવા સુચારુરૂપે ભક્તિભાવે કરી. વડોદરાના પરમ નિષ્ઠાવાન અક્ષરમુક્ત શંકરકાકા અને પરિવારજનોએ સમગ્ર શિબિરનાં આયોજનની જવાબદારી તથા સેવાની સમર્પણભક્તિ અદા કરી સંતભગવંત સાહેબજીની પ્રસન્નતા મેળવી. ‘જીવનમાં સત્સંગના ચાર પાયા નિશ્ચય, આશરો, મહિમા અને સેવા !’ આ વિષયને કેન્દ્રસ્થાને રાખી શિબિરમાં અધ્યાત્મપ્રસાદ પિરસાયો.

૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો એકતા નગર પધાર્યા ત્યારે વડોદરા અને અંકલેશ્વર મંડળના ભક્તોએ ભક્તિભાવે સ્વાગતનૃત્ય દ્વારા તેઓનાં સ્વાગત કર્યાં. વેમાર અને અંકલેશ્વર મંડળના અક્ષરમુક્તોએ સુંદર સુશોભન કરી શિબિર સભાસ્થાનને સજાવી દીધું. શિબિર ઉદ્‌ઘાટન સભામાં વેમારના અગ્રણી ચંદ્રકાંતભાઈએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર્યાં. સંતભગવંત સાહેબજીએ સૌને ભક્તિમય જીવન જીવવાની હૃદયસ્પર્શી સમજ સાથે આશીર્વાદ પ્રદાન કરતાં જણાવ્યું કે, ‘આંતરિક પરિવર્તન થાય એ સાચી સાધના છે અને તે પરિવર્તન સત્પુરુષના સંગે રહીને શક્ય બને છે. માનવદેહ, મન, બુદ્ધિ અને ધન પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા ગુરુવચને સમર્પિત થાય તો ભક્તિનું સુખ સહજ પ્રાપ્ત કરી શકાય. એવા સત્પુરુષનો નિશ્ચય કરી, પ્રભુના દઢ આશરે રહી, પરમ મહિમા સાથે સેવા-ભક્તિ કરીએ તો પ્રભુની પ્રસન્નતાનાં પાત્ર બની જઈએ.’ આવી સુંદર સમજણ પ્રાપ્ત કરી સૌ કૃતાર્થ થયાં.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે, ‘સત્સંગનો મુખ્ય આધાર માહાત્મ્ય છે. સમજણેયુક્ત અને મર્યાદા સાથેની માહાત્મ્યભક્તિ ગુરુહરિની પ્રસન્નતા અપાવે છે. માહાત્મ્ય વગરનો સત્સંગ એ સત્સંગ નથી. મોટા પુરુષ પાસે બે હાથ જોડીને રહેવાય તે જ સાચું મહિમાપૂર્ણ સમર્પણ છે. આવું સમર્પણ કરવાનું સૌને બળ મળે તે જ આ શિબિરનું સાચું ફળ હશે.’ આ પ્રસંગે સાધુ પૂ. સતીશદાસજી, ભાવિશાબહેન આદિએ પ્રાસંગિક પ્રવચન કરી સંતભગવંત સાહેબજીના મહિમા, શિબિરની ધન્યતા અને ભક્તોનાં સમર્પણનાં ગાન કર્યાં.

૨ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ બે વિભાગમાં સભાનાં આયોજન થયાં. પંચાવન વર્ષ સુધીના ભક્તોની સભામાં આશિષભાઈ (વડોદરા), બ્રીજભાઈ (પૂના), મુકુંદભાઈ સરવૈયા (રાજકોટ), ગ્રીષ્માબહેન (વડોદરા), રોહનભાઈ (અંકલેશ્વર), ઘનશ્યામભાઈ પાઠક



ત્રિદિવસીય શિબિર પ્રારંભે નૃત્યભક્તિ દ્વારા સંતભગવંત સાહેબજીનાં સ્વાગત



શિબિરસભામાં અધ્યાત્મપ્રસાદ પામતાં ભાગ્યશાળી શિબિરાર્થીઓ

(અમદાવાદ), ભાવનાબહેન પરમાર (વલસાડ) તથા સાધુ પૂ. ઉત્પલદાસજીએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી શિબિરના આનંદ અને સંતભગવંત સાહેબજીની વરસેલી કૃપાની ધન્યતાનાં હૃદયસ્પર્શી વર્ણન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી પ્રભુના કર્તાહર્તાપણાનો સ્વીકાર કરવાની સુંદર સમજણ આપી. પંચાવન વર્ષથી મોટા-વડીલ ભક્તોની સભામાં સાધુ પૂ. પીટરદાસજીએ સભાસંચાલન સાથે શિબિરના વિષયને કેન્દ્રમાં રાખી પ્રાસ્તાવિક સુંદર વાતો કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ સ્વસ્થ મન કેળવવા માટેની પ્રેરણાદાયી વાતો કરી આશીર્વાદ આપ્યા. ડૉ. પાર્થિવભાઈ મહેતા (અમદાવાદ)એ સૌ ભક્તોના નિરામય સ્વાસ્થ્ય માટે ઉપયોગી અનેક માહિતીપ્રદ વાતો જણાવી માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજી વારાફરતી બંને સભાઓમાં પધાર્યા અને શંકરકાકા અને પરિવારનાં સૌની સમર્પણભક્તિને બિરદાવી આશીર્વાદ આપ્યા.

બપોરે સૌએ ક્રૂઝ રાઇડમાં સ્થાનિક પર્યટન સ્થળ સ્ટૅચ્યૂ ઑફ યુનિટીની મુલાકાતે પધારી સંતભગવંત સાહેબજીના સાંનિધ્યમાં પ્રદર્શન, વ્યૂ ગૅલરી અને લેસર શૉ નિહાળવાનો આનંદ માણ્યો. ત્યાંથી શૂલપાણેશ્વર મહાદેવ મંદિર પાસેના ગોરા ઘાટે પધારી ભવ્ય નર્મદા મહા આરતીનો લાભ લીધો.

૩ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સવારે શિબિર પૂર્ણાહુતિ સભા સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિ અને સ્થાનિક અનેક મહાનુભાવો તથા આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં અદ્‌ભુત થઈ. સભાનાં સંચાલન સાધુ પૂ. સરજુદાસે કર્યાં અને સાધુ પૂ. દિવ્યેશદાસજી, પારસભાઈ (મુંબઈ), ડૉ. ઋજુબહેન (મોગરી), નિખિલભાઈ (વડોદરા) આદિએ પ્રાસંગિક પ્રવચન કરી શિબિરની દિવ્ય અનુભૂતિનાં વર્ણન કર્યાં. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને ગુણાતીત સત્પુરુષમાં જીવને જોડી, પ્રભુપરમની પ્રાપ્તિ માટે સદા તત્પર રહેવા માર્ગદર્શન પ્રદાન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સરદાર પટેલના જીવનની વાતો વર્ણવી ભક્તિમાર્ગે શૂરવીર થવાની સમજ આપી. સાધુ પૂ. સતીશદાસજીએ સૌનો આભાર માની વ્યવસ્થામાં સહભાગી બનેલ સેવકોની ભક્તિને બિરદાવી.

આ પ્રસંગે શ્રી રાહુલભાઈ (PRO, સ્ટૅચ્યૂ ઑફ યુનિટી), શ્રી જિજ્ઞેશભાઈ સોલંકી (વન સંરક્ષણ, નર્મદા), શ્રી હિંમતભાઈ (મૅનેજર, GSC ભવન), ડૉ. સુબોધભાઈ (THO, તિલકવાડા), શ્રી ઘનશ્યામભાઈ (ભાજપ જિલ્લા પ્રમુખ તથા ચૅરમૅન, ધારીખેડા સુગર ફૅક્ટરી, નર્મદા), સુશ્રી ડૉ. દર્શનાબહેન દેશમુખ (MLA), શ્રી ચેટરજી (મૅનેજર, ITC Fortune group of Hotel), શ્રી અજિતભાઈ તડવી (માલિક, શિનિક હૉટેલ), ડૉ. વનરાજસિંહ (મૅડિકલ ઑફિસર, 'ASHA' પ્રૉજેક્ટ, અનુપમ મિશન) આદિ સાથે કેવડિયા વિસ્તારમાં અનુપમ મિશન દ્વારા થતાં સમાજસેવાનાં કાર્યોમાં સહયોગ પ્રદાન કરનાર અગ્રણી મહાનુભાવોનાં તેમજ સમગ્ર શિબિરનાં વ્યવસ્થાપનમાં સર્વાંગી સેવા અર્પણ કરનાર શંકરકાકા અને પરિવારજનોનાં વિશેષ સન્માન કરવામાં આવ્યાં. ત્યારબાદ શ્રી ઘનશ્યામભાઈ, સુશ્રી ડૉ. દર્શનાબહેન દેશમુખ તથા શ્રી હિંમતભાઈ આદિ મહાનુભાવોએ પોતાના પ્રતિભાવોમાં આ વિસ્તારમાં સાહેબજીની પ્રેરણા અને સંતોના અથાક પરિશ્રમના પરિણામે થતી અનુપમ મિશનની સેવાકીય કાર્યોની સરાહના કરી અને તેમાં પોતાના સહકાર આપવાની ભાવના વ્યક્ત કરી.

આ પ્રસંગે આ શિબિરમાં ભાગ લેનાર અનુપમ મિશનનાં પ્રત્યેક સત્સંગ મંડળના પ્રતિનિધિ ભક્તોને શિબિર સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી. સૌ ભક્તો શિબિર સ્મૃતિભાથું વાગોળતાં ધન્યભાવ સાથે વિસર્જિત થયાં. ◆

॥ સ્વામિશ્રીજી ॥

# ॥ નિમંત્રણ ॥

## શ્રી વડતાલધામ પદયાત્રા

**શ્રી હરિકૃષ્ણ મહારાજનાં દિવ્ય દર્શનાર્થે**

**સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં પરમ સાંનિધ્યે**

**'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર' ઉદ્‌ઘોષ દિન નિમિત્તે**

**આયોજિત 'શ્રી વડતાલધામ પદયાત્રા'માં જોડાઈ**

**ભક્તિરસનો અલભ્ય લહાવો માણવા પધારો !**

| | |
|---|---|
| તારીખ | : ૩૧ ડિસેમ્બર ૨૦૨૩, રવિવાર |
| પદયાત્રા શુભારંભ સ્થળ | : બ્રહ્મજ્યોતિ, અનુપમ મિશન, મોગરી. |
| પદયાત્રા શુભારંભ સમય | : પ્રાત: કાળે ૪:૩૦ વાગ્યે |
| સભા સમય | : સવારે : ૭:૩૦ વાગ્યે |
| સભાસ્થળ | : શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલ, શ્રી વડતાલધામ |


સંપર્ક : * સાધુ પૂ. યજ્ઞેશદાસ : મો. ૯૮૨૪૦ ૫૦૨૬૦,
* સાધુ પૂ. શ્રેયસદાસ : મો. ૯૬૨૪૭ ૬૩૦૯૯

**નોંધ :** આપ શનિવાર, ૩૦ ડિસેમ્બર ૨૦૨૩ના દિવસે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પધારશો તે વધુ હિતાવહ રહેશે. આપનાં આગમન તેમજ પ્રસ્થાનની વિગત ઉપરોક્ત સંતોને જણાવશો તેવી નમ્ર વિનંતી !

# ॥ सर्वे सन्तु निरामयाः ॥

## હૃદયરોગનો હુમલો – Heart Attack

~ ડૉ. સુકુમાર હ. મહેતા
*(સિનિયર કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસિક સર્જન, અમદાવાદ)*




**આ** પહેલાંના લેખમાં આપણે જોઈ ગયાં છીએ કે હૃદયની રચના કેવી હોય છે અને હૃદય એક પંપ તરીકે કેવી રીતે કામ કરે છે. આપણે એ પણ જોઈ ગયાં કે, હૃદયના રોગો કયા કયા પ્રકારે થઈ શકે છે. આજના લેખમાં આપણે હૃદયરોગના હુમલા એટલે કે હાર્ટ ઍટેક વિશે ચર્ચા કરીશું.


**હાર્ટ ઍટેક એટલે શું ?** હૃદયને કાર્યક્ષમ રાખવા માટે તેને કોરોનરી ધમનીઓ મારફતે લોહીનો પુરવઠો મળતો રહે છે. આ કોરોનરી ધમનીઓ અને તેની શાખાઓ હૃદયના સ્નાયુઓને લોહી પૂરું પાડે છે. જો આ ધમનીઓ પૈકીની કોઈ ધમનીમાં એકાએક લોહીનું પરિભ્રમણ બંધ થઈ જાય તો હૃદયના તે ભાગના સ્નાયુને લોહી મારફતે ઑક્સિજન ન મળવાને લીધે સ્નાયુનો એટલો હિસ્સો થોડી મિનિટોમાં જ નષ્ટ થવા લાગે છે. એટલે કે, કાયમ માટે નિર્જીવ થઈ જવા લાગે છે. આ ઘટના બને ત્યારે સામાન્ય રીતે દર્દીને છાતીમાં અસહ્ય દુખાવો થાય છે. આ ઘટનાને જ આપણે હૃદયરોગનો હુમલો કહીએ છીએ.

**શું હૃદયરોગનો હુમલો એટલે જ હાર્ટ ફેલ કે કાર્ડિયાક ઍરેસ્ટ કહેવાય ?** ના જી. હૃદયરોગનો હુમલો અને કાર્ડિયાક ઍરેસ્ટ એ બંને સમાનાર્થી શબ્દો નથી. કાર્ડિયાક ઍરેસ્ટ એટલે હૃદય ધબકવાની ક્રિયા સંપૂર્ણપણે બંધ પડી જવી તે. આથી સ્પષ્ટ છે કે જો હૃદય સંપૂર્ણપણે બંધ પડી જાય અને થોડી મિનિટોમાં તેનું ધબકવાનું ફરી શરૂ ન કરી શકાય તો વ્યક્તિ મૃત્યુ પામે. હૃદયરોગના હુમલામાં બધાને આ પ્રમાણે હૃદયના ધબકારા બંધ પડી જઈને કાર્ડિયાક ઍરેસ્ટની દુખદ ઘટના બનતી નથી. હૃદયરોગના હુમલાના કેસો પૈકી થોડા લોકોને આ રીતે હૃદય સાવ બંધ પડી જવાની અને મૃત્યુ થવાની ઘટના બને છે. કહેવાનું તાત્પર્ય એ છે કે હૃદયરોગના હુમલામાં પણ સમયસર અને યોગ્ય સારવારથી કાર્ડિયાક ઍરેસ્ટથી થતાં મૃત્યુ અટકાવી શકાતાં હોય છે.

**હૃદયરોગના હુમલાનું નિદાન કેવી રીતે થાય ?** સામાન્ય રીતે જ્યારે હૃદયરોગનો હુમલો થાય ત્યારે દર્દીને પોતાની છાતીના આગળના ભાગમાં વચ્ચોવચ્ચ કે પીઠના ભાગમાં, ખભાના ભાગમાં, ગરદનમાં કે જડબામાં અથવા તો પેટના ભાગે પણ દુખાવો કે અસ્વસ્થતાની લાગણીનો અનુભવ થાય છે. સાથે સાથે પસીનો છૂટવો, ગભરામણ થવી, શ્વાસ ચડવો એવાં ચિહ્નો પણ આવી શકે છે. હૃદયરોગના હુમલાના કેટલાક કિસ્સાઓમાં આ પ્રકારે દુખાવો કે અસ્વસ્થતાનો અનુભવ ન થાય અને માત્ર પસીનો થાય અથવા તો પેટમાં અપચો અથવા ગૅસ હોવાની લાગણી થાય તેવું પણ બનતું હોય છે.




આથી જ્યારે આવાં ચિહ્નોનો અનુભવ થાય ત્યારે જરા પણ મોડું કર્યા સિવાય તબીબી વિજ્ઞાનની મદદ લઈ તરત નિદાન કરાવવા પહોંચી જવું જોઈએ. જલદીથી હૉસ્પિટલના ઈમરજન્સી રૂમમાં પહોંચીને ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ કરાવવો અત્યંત જરૂરી છે. મોટા ભાગના હૃદયરોગના હુમલાના કેસોમાં ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામથી નિદાન તરત જ પકડાઈ જાય છે. વધુ ચોકસાઈ માટે ટ્રોપોનીન-આઈ નામનો લોહીનો ટેસ્ટ પણ કરવામાં આવતો હોય છે. હૃદયરોગના હુમલાના જૂજ કિસ્સાઓમાં આ બંને ટેસ્ટના રિપોર્ટ નોર્મલ આવી શકતા હોય છે. માટે આ પ્રકારનાં શંકાસ્પદ ચિહ્નો સાથે ઈમરજન્સીમાં આવેલ વ્યક્તિને નોર્મલ રિપોર્ટ હોવા છતાં તરત પાછા ઘરે મોકલવામાં આવતા નથી પરંતુ




તેમને થોડા કલાકો માટે દેખરેખ હેઠળ રાખી અને ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ તથા લોહીનો ટેસ્ટ ફરીથી કરવામાં આવે છે. અમુક કલાકો પછી કરવામાં આવેલ ટૅસ્ટ પણ જો નૉર્મલ હોય તો હૃદયરોગ નથી તેવું નિદાન થાય છે.

**હૃદયરોગનો હુમલો છે જ તેવું નિદાન થાય તો ?** તો પછી આવા દર્દીઓને તાત્કાલિક કોરોનરી ઍન્જિયોગ્રાફીની તપાસ માટે કાર્ડિયાક કેથલૅબમાં ખસેડવાની સલાહ આપવામાં આવે છે. આ તપાસ વડે માલૂમ થાય છે કે હૃદયની વિવિધ કોરોનરી ધમનીઓ પૈકી કઈ ધમનીમાં બ્લૉક એટલે કે લોહીના પ્રવાહમાં અટકાવ આવ્યો છે. હૃદયરોગનો હુમલો શરૂ થયાના એક કે બે કલાકની અંદર જ આ રીતે ઍન્જિયોગ્રાફી ટેસ્ટ કરીને ધમનીનો બ્લૉક શોધી કાઢવામાં આવે અને ત્યારબાદ તરત જ ધમનીમાં બલૂન પસાર કરીને, ધમનીનો સાંકડો થયેલો (બ્લૉકવાળો) ભાગ પહોળો કરી તે જગ્યાએ સ્ટૅન્ટ બેસાડીને હૃદયના સ્નાયુને લોહીનો પુરવઠો ફરી ચાલુ કરવામાં આવે તેને ઈમરજન્સી કોરોનરી ઍન્જિયોપ્લાસ્ટી સારવાર કહેવાય છે.




આ સારવાર શક્ય એટલી જલદી અને સફળતાપૂર્વક આપવામાં આવે તો હૃદયરોગના હુમલાઓના કેસોમાં કાર્ડિયાક ઍરેસ્ટ એટલે કે હૃદયના ધબકારા બંધ પડતા રોકી શકાય છે. વળી, આ પ્રકારની સફળ સારવારથી લાંબા સમય માટે હૃદયના પંપની કાર્યક્ષમતા પણ સચવાઈ જાય છે, કેમ કે હૃદયની ધમનીમાં થયેલ બ્લૉક સત્વરે ખોલી નાખવાથી હૃદયના સ્નાયુના કેટલાક હિસ્સાને નિર્જીવ બનતો અટકાવી શકાય છે.




એન્જીઓપ્લાસ્ટી વડે સ્ટેન્ટ બેસાડવાની પ્રક્રિયા

**ઈમરજન્સીમાં ઍન્જિયોપ્લાસ્ટી સારવાર કરાવી લીધા પછી શું ?**

હૃદયરોગના હુમલાના કેસમાં જ્યારે ઍન્જિયોગ્રાફી તપાસ કરવામાં આવે છે ત્યારે હુમલા માટે જવાબદાર હોય એવા બ્લૉકને ખોલી નાખવામાં આવે છે. પરંતુ ઘણા કિસ્સાઓમાં એવું બની શકે કે હૃદયની ધમનીઓમાં આ માત્ર આ એક બ્લૉક ન હોય પરંતુ તેના સિવાય પણ હૃદયની બીજી ધમનીઓમાં અન્ય બ્લૉક પણ હોય. જો આ અન્ય બ્લૉકની પણ સારવાર ન કરવામાં આવે અને માત્ર એક જ બ્લૉકને ખોલી નાખીને કામ ચલાવવામાં આવે તો એવી શક્યતા અને ડર રહે છે કે અન્ય બ્લૉકને લીધે ભવિષ્યમાં એ જ દર્દીને હૃદયરોગનો બીજો હુમલો આવી શકે.

તેથી, જો એક કરતાં વધારે બ્લૉક માલૂમ પડ્યા હોય તો આવા કિસ્સાઓમાં ઈમરજન્સીમાં એક બ્લૉક ખોલી નાખ્યા પછી થોડા દિવસ પછી બાકીના બ્લૉકની સારવાર ઍન્જિયોપ્લાસ્ટી પ્રક્રિયા વડે સ્ટૅન્ટ બેસાડીને અથવા તો બાયપાસ સર્જરી કરીને તે બધા બ્લૉકનો સંપૂર્ણ ઈલાજ કરાવી લેવાની સલાહ આપવામાં આવે છે. કયા દર્દીને ઍન્જિયોપ્લાસ્ટી-સ્ટૅન્ટ વડે બ્લૉક દૂર કરવા અને કયા દર્દીને બાયપાસ સર્જરીનું ઑપરેશન કરીને હૃદય પર ટાંકા લઈને નવી ધમનીઓ બેસાડવી તેનો નિર્ણય હૉસ્પિટલ ખાતેની હૃદયના ડૉક્ટરોની ટીમ દર્દીના કેસનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરીને લે છે.

**હૃદયરોગના હુમલા જેવાં ચિહ્નો લાગે તો શું ન કરવું ?** માત્ર સ્નાયુનો દુખાવો હશે, સૂવા-ફેર થઈ ગયો હશે, ઉજાગરાને લીધે કે મુસાફરીને લીધે અસ્વસ્થતા લાગતી હશે, અપચો કે ગૅસ થયો હશે અને સોડા પીવાથી મટી જશે - આવી બધી ધારણાઓ બાંધી લઈને કીમતી સમય બગાડવો જોઈએ નહીં. શક્ય એટલા વહેલા હૉસ્પિટલના ઈમરજન્સી રૂમ પર પહોંચીને નિદાન કરાવવું જોઈએ.

જો ઈમરજન્સીમાં ઍન્જિયોગ્રાફી તપાસ કરવાની સલાહ આપવામાં આવે, અને તે તપાસનું પરિણામ માલૂમ પડ્યા બાદ તત્કાળ ઍન્જિયોપ્લાસ્ટી સારવાર કરાવવાની સલાહ આપવામાં આવે તો નિર્ણય લેવામાં વધુ સમય બગાડવો જોઈએ નહિ, કેમ કે હૃદયરોગના હુમલાના કેસમાં મિનિટોનો સમય પણ કીમતી નીવડી શકતો હોય છે.

**સાચી જાણકારી મેળવીએ અને આપણી અમૂલ્ય જિંદગીને બચાવીએ.** ◆



ખારઘર–નવી મુંબઈ મંદિરમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



સુરત મંદિરમાં સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાના સાંનિધ્યે શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



અમદાવાદ મંદિરમાં સંતોના સાંનિધ્યે શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



કેવડિયા ખાતે એકતા નગરમાં યોજિત ત્રિદિવસીય શિબિરનાં મંચદર્શન







સમાજસેવક ઘનશ્યામભાઈ પટેલના તથા ધારાસભ્ય ડૉ. દર્શનાબહેન દેશમુખનાં સન્માન




ત્રિદિવસીય શિબિરનાં સફળ વ્યવસ્થાપનમાં સમર્પિત શંકરકાકા અને પરિવારનાં સન્માન



સ્ટૅચ્યૂ ઑફ યુનિટી ખાતે પ્રદર્શની નિહાળતા સંતભગવંત સાહેબજી અને સંતો



સંતભગવંત સાહેબજીની સંનિધિમાં સ્ટૅચ્યૂ ઑફ યુનિટીની મુલાકાતે પધારેલા સંતો-ભક્તો

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2021-23

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-12-23 * Office of Origin : Vitthal Udyognagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**